વસ્તારી	वस्तारी	વિ·	બહોળા કુટુંબવાળું	बड़े कुनबे वाला	one having a large family
વસ્તિ	वस्ति	પું·	પેડુ, મૂત્રાશય, બસ્તિ	पेड़ू, मूत्राशय	abdomen, kidney
વસ્તી	वस्ती	સ્ત્રી·	જુઓ 'વસતી'	देखिए 'वसती'	see 'वसती'
વસ્તીગણતરી	वस्तीगणतरी	સ્ત્રી·	વસતિની ગણતરી	मनुष्यगणना, जनगणना	census
વસ્તીગૃહ	वस्तीगृह	ન·	જુઓ 'વસતીગૃહ'	देखिए 'वसतीगृह'	see 'वसतीगृह'
વસ્તીપત્રક	वस्तीपत्रक	ન·	જુઓ 'વસતીપત્રક'	देखिए 'वसतीपत्रक'	see 'वसतीपत्रक'
વસ્તુ	वस्तु	સ્ત્રી·	1. પદાર્થ, ચીજ	पदार्थ, वस्तु, चीज़	matter, object, article
			2. સત્ય, સાર	सत्य, सार	truth, essence

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
		न॰	નાટક કે કથાનો વિષય, 'પ્લૉટ'	नाटक की कहानी, कथावस्तु	theme of a story or a play
વસ્તુતઃ	वस्तुतः	અ॰	ખરી રીતે, સાચું જોતાં	वस्तुतः, यथार्थतः	actually, in fact
વસ્તુદર્શી	वस्तुदर्शी	વિ॰	ખરી વસ્તુ બતાવતું કે જોતું 'રિયાલિસ્ટિક'	वस्तुदर्शी	realistic
વસ્તુવિનિમય	वस्तुविनिमय	પું॰	નાણાથી નહિ પણ વસ્તુની આપલે કરવી તે, 'બાર્ટર'	वस्तुविनिमय	barter
વસ્તુસ્થિતિ	वस्तुस्थिति	સ્ત્રી॰	વાસ્તવિકતા, ખરી હકીકત	वास्तविकता, सच्ची बात	fact, actual state of affairs
વસ્ત્ર	वस्त्र	ન॰	કપડું	वस्त्र, कपड़ा	clothing, dress
વસ્લ	वस्ल	પું॰	1. મેળાપ, સમાગમ 2. સંબંધ	मिलन, समागम संबंध	meeting, union relation
વહન	वहन	ન॰	1. વાહન 2. ઉપાડવું-ઊંચકવું તે, ઊંચકીને લઈ જવું તે 3. (પ્રવાહી કે પાણી) વહેવું તે	वाहन उठाना, धारण करना प्रवाह	vehicle lifting, carrying flow (of liquid or of water)
વહવું	वहवुं	સ॰ ક્રિ॰ અ॰ ક્રિ॰	1. વહન કરવું, વહેવું 2. જવું પ્રવાહરૂપે વહેવું	वहन करना, ढोना बीतना, गुज़रना बहना	to carry, to bear to go to flow
વહાણ	वहाण	ન॰	નાવ, મોટો મછવો	बड़ी नाव, जहाज़	ship, lighter
વહાણવટી	वहाणवटी	પું॰	1. ખારવો, નાવિક 2. દરિયાઈ વેપારી 3. વહાણનો માલિક, ઉપરી	नाविक, खलासी समुद्री व्यापारी जहाज़ का मालिक	sailor merchant engaged in overseas trade owner of ship

ગુજરાતી શબ્દ	દેવનાગરી લિપ્યંતરણ	વ્યા· કો·	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વહાણવટું	वहाणवटुं	ન·	1. દરિયામાં વહાણ ફેરવવાં તે	जहाज़रानी	navigation
			2. વહાણો વડે વેપાર કરવો તે	जहाज़ों से व्यापार करना	trade which would involve voyaging in ships
			3. દરિયાની મુસાફરી	समुद्र यात्रा, जहाज़ी सफ़र	see-voyage
વહાણું	वहाणुं	ન·	પ્રભાત	प्रभात, सुबह	morning, daybreak
વહાર	वहार	સ્ત્રી·	સહાયતા, મદદ	सहायता, कुमक	help, assistance
વહાલ	वहाल	ન·	પ્રીતિ	प्यार, प्रीति, लाड	love
વહાલપ, વહાલપણ, વહાલપણું	वहालप, वहालपण, वहालपणुं	સ્ત્રી·, ન·	પ્રેમ	प्यार	love
વહાલસોયું	वहालसोयुं	વિ·	વહાલમાં ઊછરેલું, લાડકવાયું	लाडला	brought up in love and affection
વહાલી	वहाली	સ્ત્રી·	પ્રિયા, વહાલી સ્ત્રી	प्रिया	dear woman, beloved
વહાલીડું	वहालीडुं	વિ·	વહાલું (લાલિત્યવાચક)	प्यारा	dear (poetic)
વહાલું	वहालुं	વિ·	પ્રિય	प्यारा, प्रिय	dear
વહાલેશરી	वहालेशरी	વિ·	હિતેચ્છુ	हितेच्छु	well-wisher
વહાલો	वहालो	પું·	પ્રિયતમ	प्रियतम	dear one, lover
વહી	वही	સ્ત્રી·	1. નામાનો ચોપડો	बही, हिसाब–बही	account book
			2. વંશાવળીની ચોપડી	पुश्तनामा, वंशवृक्ष की किताब	book of family, geneology
			3. ચોપડી (કોરી કે લખેલી)	किताब (कोरी या लिखी हुई)	book (blank, written or printed)

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વહીવટ	वहीवट	पुं॰	1. કારભાર, બંદોબસ્ત	संचालन, कारोबार, प्रबंध	administration, management
			2. પદ્ધતિ, શિરસ્તો	पद्धति, रीतिरिवाज	system, practice
			3. લેવડદેવડ, પ્રસંગ, સંબંધ	लेन-देन	handling of funds
વહીવટકર્તા	वहीवटकर्ता	पुं॰	વહીવટ કરનાર, 'એગ્ઝિક્યૂટર'	प्रबंधकर्ता	executor, manager
વહીવટદાર	वहीवटदार	पुं॰	1. કારભારી	प्रबंधकर्ता, संचालक	manager
			2. મામલતદાર (ગાયકવાડીમાં)	तहसीलदार	revenue officer of a taluka
વહીવટી	वहीवटी	वि॰	1. વહીવટને લગતું	प्रशासन संबंधी	administrative
			2. વહીવટ કરનારું	प्रबंध करने वाला	executive
વહીવંચો	वहीवंचो	पुं॰	પેઢીનામું રાખનાર ભાટ	पुश्तनामा रखने वाला भाट, भाट	bard who narrates events in the old history of a family
વહુ	वहु	स्त्री॰	1. પત્ની	पत्नी, बहू	wife
			2. છોકરાંની સ્ત્રી	पुत्रवधु	son's wife, daughter-in-law
વહુવર	वहुवर	स्त्री॰	નવોઢા સ્ત્રી	नवोढ़ा	newly married woman
		न॰	લગ્ન ને વરઘોડો	विवाह और वरयात्रा	marriage and marriage procession
		न॰	ધણીધણિયાણી, નવું પરણેલું જોડું	पतिपत्नी, नवदंपत्ति	newly married couple
વહેણ, વહેન	वहेण, वहेन	न॰	પ્રવાહ	बहाव, प्रवाह	flow, current
વહેમ	वहेम	पुं॰	1. શક, સંદેહ	वहम, शक	doubt, suspicion

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 ભ્રમ, ખોટી માન્યતા	भ्रम, वहम	misapprehension, delusion, superstition
વહેમાવું	वहेमावुं	अ॰ क्रि॰	વહેમ લાવવો, વહેમમાં પડવું	वहम करना, शंका करना	to suspect
વહેમી, વહેમીલું	वहेमी, वहेमीलुं	वि॰	વહેમવાળું, વહેમથી ભરેલું, વહેમ રાખતું કે તેવા સ્વભાવનું	वहमी, शंकाशील	suspicious
વહેર	वहेर	पुं॰	1 વહેરતાં પડેલો ભૂક્કો	बुरादा, कुनाई (लकड़ी की)	saw-dust
			2 ફાટ, ચીરો	दरार	crevice, crack
વહેરણિયો	वहेरणियो	पुं॰	વહેરનારો	आराकश, करौंती	sawyer
વહેરવું	वहेरवुं	स॰ क्रि॰	કરવત વડે કાપવું	आरे से चीरना	to saw
વહેરાવવું	वहेरावavुं	स॰ क्रि॰	'વહેરવું' નું પ્રેરક	'वहेरवुं'का प्रेरणार्थक रूप	causal of 'वहेरवुं'
વહેરાવું	वहेरावुं	अ॰ क्रि॰	'વહેરવું' નું કર્મણિ	'वहेरवुं' का कर्मणि रूप	be put through the process of sawing
વહેરો, વહેરોઆંતરો, વહેરોવંચો	वहेरो, वहेरोआंतरो, वहेरोवंचो	पुं॰	ભેદ, આંતરો, તફાવત	भेद, अंतर	division, distance
વહેલ	वहेल	स्त्री॰	1 રથ, વાહન	बहेली, रथ	carriage, conveyance, vehicle
			2 એક મોટું જળચર પ્રાણી	एक बड़ी मछली, व्हेल	whale
વહેલું	वहेलुं	अ॰	ઉતાવળું, જલ્દી	जल्दी, त्वरा	early, quick
વહેલુંમોડું	वहेलुंमोडुं	अ॰	વખતસર નહિ તેવું, વહેલું કે મોડું	त्वरित या विलंब से	soon or late, not in time

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
		अ॰	1. વહેલું કે મોડું એમ	त्वरित या विलंब से	sooner or later
			2. ગમે ત્યારે, સગવડે	जब कभी, किसी समय	any time, at one's convenience
વહેલેરું	वहेलेरुं	वि॰	વહેલું (લાલિત્યવાચક)	जल्द, त्वरित	early (poetic.)
વહેવડાવવું	वहेवडाववुं	स॰ क्रि॰	'વહેવું' નું પ્રેરક	बहाना, गिराना	causal of 'વહેવું'
વહેવરાવવું	वहेवरावुं	स॰ क्रि॰	'વહેવું' નું પ્રેરક, વહેવડાવવું	बहाना, डालना	causal of 'વહેવું', to let flow
વહેવાર	वहेवार	पुं॰	1. સંબંધ, ઘરવટ	घरेलू सम्बन्ध	relation as if belonging to the same family
			2. ધીરધાર કે લેવડદેવડનું કામ	महाजनी, साहूकारा, पैसे के लेन देन का काम	monetary transaction
			3. વર્તણૂક, વર્તન	बर्ताव, व्यवहार	conduct
			4. આચાર, આચરણ	आचरण, व्यवहार	manners
			5. દુનિયાદારીના સંબંધ કે કામકાજ	संसार के कामकाज, दुनियादारी	social intercourse
			6. રૂઢિ, વહીવટ	प्रथा, परिपाटी	custom, social dealings
વહેવારિયો	वहेवारियो	पुं॰	1. લેવડદેવડમાં ચોખટાવાળો	ईमानदार	person forthright in his dealings
			2. વહેવારે ચાલનારો	व्यवहार दक्ष	practical person
			3. શાહુકાર	साहूकार	money-lender
			4. વેપારી	व्यापारी	merchant
વહેવારીકું	वहेवारीकुं	वि॰	વહેવારમાં કામ દે એવું, મધ્યમ, કામ સરે તેવું	व्यवहार्य, कामचलाऊ	of practical use
વહેવારુ	वहेवारु	वि॰	1. મધ્યમ, સાધારણ	मध्यम, साधारण	ordinary

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. વહેવારમાં ચાલી શકે તેવું, આચારમાં ઉતારી શકાય તેવું, વ્યવહારુ	आचरण योग्य, व्यवहार्य	practicable
વહેવું	वहेवुं	स॰ क्रि॰	1. ઊંચકવું	ढोना, उठाना, वहन करना	to carry
			2. ખમવું, વેઠવું	सहना, झेलना	to endure
			3. ઘસડાવું	घिसटना	to be dragged
			4. જતું રહેવું, વીતવું	गुज़रना, बीतना	to pass away, to elapse (time)
			5. વંઠી જવું (જવું ક્રિયા સાથે)	बहकना	to go astray
		अ॰ क्रि॰	પ્રવાહરૂપે સરવું	बहना	to flow
વહેળકું, વહેળિયું	वहेळकुं वहेळियुं	न॰	નાનો વહેળો	छोटा नाला, नाली	small conduit
વહેળો	वहेळो	पुं॰	1. નાનો પ્રવાહ	नाला, सोता	brook
			2. વહેણનો ખાડો	खाई, गड्ढा	ditch
વહેંચણ, વહેંચણી	वहेंचण, वहेंचणी	स्त्री॰	1. વહેંચવું કે ભાગ કરવા તે	बाँटना, हिस्से करना, बटवारा	distribution
			2. હિસ્સો	हिस्सा	share
			3. નાનો હિસ્સો	छोटा हिस्सा	dividend
વહેંચવું	वहेंचवुं	स॰ क्रि॰	1. હિસ્સા પાડવા	बाँटना	to divide
			2. દરેકને ભાગ પ્રમાણે આપવું	प्रत्येक को अपने हिस्से के अनुसार देना	to distribute, giving each his part of share
વહેંચાવવું	वहेंचावविं	स॰ क्रि॰	'વહેંચવું' નું પ્રેરક	बँटवाना	causal of 'વહેંચવું'
વહેંચાવું	वहेंचावुं	अ॰ क्रि॰	'વહેંચવું' નું કર્મણિ	बँटना, बाँटा जाना	to be distributed
વહોણું	वहोणुं	वि॰	વનું, વિહોણું	विहीन, रहित	without, bereft of
વહોરત	वहोरत	स्त्री॰	1. વહોરેલું તે, ખરીદ	ख़रीद, उपभोग	purchase
			2. જોખમ	जोखिम, हानि	risk

ગુજરાતી શબ્દ	દેવનાગરી લિપ્યંતરણ	વ્યા· કો·	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			3. ભિક્ષા, ભિક્ષામાં મળેલું તે	भिक्षा	alms
વહોરતિયો	वहोरतियो	પું·	1. ખરીદનાર 2. યતિ, શ્રમણ	उपभोक्ता यति, श्रमण	buyer mendicant, monk
વહોરવું	वहोरवुं	સ· ક્રિ·	1. ખરીદ કરવું 2. સંઘરવું 3. માગી લાવવું 4. માથે લેવું (જોખમ)	मोल लेना, खरीदना बटोरना, इकट्ठा करना माँग लाना (जोखिम) उठाना/ लेना	to purchase to gather, to collect to ask for oneself, to beg to be responsible, to take upon oneself
વહોરાવવું	वहोरावव़ुं	સ· ક્રિ·	1. 'વહોરવું' નું પ્રેરક 2. જૈન સાધુને ભિક્ષા આપવી	खरीदवाना जैन यति को भिक्षा देना	causal of 'વહોરવું' to give alms to Jain sadhu
વહોરાવું	वहोरावुं	અ· ક્રિ·	'વહોરવું' નું કર્મણિ	'વહોરવું' का कर्मणि रूप	passive of 'વહોરવું'
વળ	वळ	પું·	1. આમળો, આંટો 2. સંબંધ, વગ 3. યુક્તિ, કરામત 4. દાવ, લાગ 5. અંટસ, કીનો 6. મમતા, આગ્રહ 7. છાણાંના થર ઉપર થર ગોઠવી ખડકેલી લાંબી હાર 8. ગાંઠ	रस्सी आदि की ऐंठन, बट लगाव, वसीला युक्ति, करामात दाँव, मौका द्वेष, बैर ममता, आग्रह स्तर, हार, पंक्ति गाँठ, गिल्टी	intertwine, twist influence, pull contrivance opportunity, chance grudge, spite love, insistence row knot

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વળકવળ	वळकवळ	पुं॰, स्त्री॰, न॰	1. અનુકૂળતા અને પ્રતિકૂળતા	अनुकूलता और प्रतिकूलता	convenience and inconvenience
			2. ઘાટ અને દાવપેચ	दावपेंच	move and counter-move
વળગણ	वळगण	न॰	1. નિસબત, વાસ્તા	संबंध, वास्ता	concern, connection
			2. ભૂતાવેશ, ભૂત વળગવું તે	भूतावेश, (भूत का) लगना	possession by ghost
			3. ભૂતપ્રેત	भूत-प्रेत	ghosts, evil spirits
			4. વળગેલું કામ કે માણસ	साथ लगा हुआ काम या व्यक्ति	having some work or a person on one's mind
			5. આડો સંબંધ	अवैध सम्बन्ध	illicit relationship (between man and woman)
વળગણી	वळगणी	स्त्री॰	કપડાં નાખવાનો આડો વાંસ	अलगनी, बिलंग	horizontal bar or bamboo for placing clothes on
વળગવું	वळगवुं	अ॰ क्रि॰	1. બાઝવું, લપેટાવું	लगना, सटना, जुड़ना, लिपटना	to embrace, to be involved
			2. આગ્રહથી મંડવું	लगा रहना, लगना	to go on in right earnest, to stick to
			3. ટંટો કરવો	झगड़ा करना, उलझना	to quarrel
વળગાટ, વળગાડ	वळगाट, वळगाड	पुं॰	1. ભૂત કે કાંઈ વળગવું તે	भूतप्रेत या किसी का लगना, छूत	possession by ghost etc.
			2. ભૂતપ્રેત	भूतप्रेत	evil spirits

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વળગાડવું	वळगाडवुं	स॰ क्रि॰	1. 'વળગવું' નું પ્રેરક	'वळगवुं' का प्रेरणार्थक रूप	causal of 'વળગવું'
			2. માથે નાખવું, બગાડવું	सिर थोपना, डालना	to palm off
વળગ	वळण	न॰	જાંઘનું મૂળ	उरुमूल, जंघामूल	root of thigh
વળતર	वळतर	न॰	બદલા તરીકે જે કંઈ મજરે આપવાનું હોય તે	मुआवज़ा, बदला	compensation
વળતા, વળતાં,	वळता, वळतां,	अ॰	1. (પ.) પછી	बाद में, पीछे	later, afterwords
વળતી	वळती		2. (પ.) વધારામાં, વળી	और, अधिक	in addition
વળતું	वळतुं	वि॰	1. સામું	प्रति, विरुद्ध	in return of, in response to
			2. પાછું ફરતું, ઉદા. વળતો જવાબ, વળતી ટપાલ	वापसी, जवाबी (कार्ड)	responding, e.g. answer letter etc.
વળતો દહાડો	वळतो दहाडो	न॰	સારી સ્થિતિનો દહાડો, ભાગ્યોદય	भाग्योदय	turn for better, better luck
વળદાર	वळदार	वि॰	વળવાળું	बटवाला, ऐंठनदार	twisted, well-turned
વળવળ	वळवळ	स्त्री॰	ચળ, ખણજ, સળવળાટ	खुजली, सुरसुराहट	itch
વળવળાટ	वळवळाट	पुं॰	વળવળવું તે	खुजली, सुरसुराहट	itch
વળવું	वळवुं	अ॰ क्रि॰	1. વાંકું થવું, મરડાવું	टेढ़ा होना, मुड़ना, झुकना	to be crooked, to bend
			2. પાછા ફરવું	वापस आना, लौटना	to return, to turn back
			3. મનનું વલણ થવું	मन का झुकाव होना	to tend to, to be inclined to
			4. કસાવું	अनुभव प्राप्त करना	to be trained, to get experience

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			5. સુધરવું	सुधरना, सुधार पर आना	to be improved
			6. બંધાવું (અંબોડો, લાડુ)	बँधना, बाँधा जाना (जूड़ा, लड्डू)	to be tied up in a knot (of hair)
			7. માં લાગવું, વળગવું, ઉદા. વાતે વળ્યા	जारी होना, लगना	to fall to (e.g. talking)
			8. થવું, બનવું, ઉદા. સેવાળ વળવી	होना, बनना	to form
			9. પલટાવું, જવું, ઉદા. વળતો દાડો	पलटना, बदल जाना	to turn
			10. કામ થવું, સરવું	काम सरना, प्राप्ति होना	to gain
વળામણ	वळामण	ન॰	1. વાળવાની મજૂરી	झाड़ने-बुहारने की उज्रत	charge for sweeping
			2. વાળતાં નીકળેલો કચરો	झाड़ने से निकला हुआ कचरा	dirt gathered after sweeping
વળામણું	वळामणुं	ન॰	વળાવવું તે, વિદાય	बिदा, बिदा करना	farewell
		વિ॰	વળતું, ઓસરતું, પાછું ફરતું	कम होता हुआ	receding, retreating, ebbing
વળાવવું	वळावvुं	સ॰ ક્રિ॰	1. વળવું, 'વાળવું' નું પ્રેરક	वळवुं, 'वाळवुं' का प्रेरणार्थक रूप	to bend, causal of 'वळवुं', 'वाळवुं'
			2. વિદાય કરવું, માર્ગે પાછો આવવું	बिदा करना	to see one off, to give send off
વળાવિયો	वळावियो	પું॰	1. ભોમિયો	पथप्रदर्शक	guide
			2. વાટમાં સંભાળ રાખનાર	रास्ते में खोज-ख़बर लेनेवाला, मार्गरक्षक	escort
વળાવું	वळावुं	ન॰	1. ભોમિયાનું કામ	पथप्रदर्शक का काम	duty of a guide
			2. તેનું મહેનતાણું	उसकी मज़दूरी	remuneration paid to a guide
		અ॰ ક્રિ॰	'વાળવું' નું કર્મણિ	'वाळवुं' का कर्मणि रूप	passive of 'वाळवुं'

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વળાંક	वळांक	पुं॰	1. વળવું તે, મરડાટ	(रास्ते का) मोड़, घुमाव	bending, curve, coquetry
			2. વળાંક, મરોડ	लिपि का मोड़	curve, airs
વળી	वळी	स्त्री॰	1. પાતળો લાંબો સોટો, જેવો કે ઘર બાંધવામાં વપરાય છે	छोटा बल्ला, बल्ली	rafter
			2. લાકડીને છેડે જડાતી ખોળી	लाठी के सिर पर जड़ा हुआ धातु का खोल, शामी	metallic circle or ring fixed at the end of a stick
		अ॰	વધારામાં, ઉપરાંત	-के अलावा, अतिरिक्त, सिवा	also, in addition, moreover
વળું	वळुं	न॰	1. મંડળ, સમુદાય, પક્ષ	मंडल, समुदाय, पक्ष	association, gathering, party
			2. ખોળી	शामी	metallic circle or ring, thimble
			3. જમીનનું પડ	भूमि की परत, स्तर	stratum, layer
			4. પરસેવાનો ડાઘ, વળિયું	पसीने का दाग़	blot of sweat (on cloth), mark
			5. વલણ	रुख़, वृत्ति	inclination
			6. શરીરનો બાંધો	शरीर का गठन	built (of body)
			7. અસ્તર	अस्तर	lining
			8. પાણીના જમીનમાં વહેતું વહેણ	ज़मीन के अंदर बहने वाला पानी का प्रवाह	underground stream
			9. મનનો તરંગ, વેળ	मन की तरंग, धुन, सनक	fancy, impulse, caprice
વળૂંભવું	वळूंभवुं	अ॰ क्रि॰	વીંટાવું	लिपटना, लपेटा जाना	to entwine
વળો	वळो	पुं॰	મોટી જાડી વળી	बल्ला	thick big rafter
વળોટ	वळोट	पुं॰	મરોડ	शिक्षण, प्रशिक्षण मोड़	traïning turning

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વળોટવું	वळोटवुं	स॰ क्रि॰	1. ઉલ્લંઘવું, ઓળંગવું	पार जाना, लाँघना	to disobey, to go beyond
			2. ચડિયાતું થવું	बढ़िया बनना	to surpass
વંક	वंक	वि॰	વાંકું	टेढ़ा	crooked, twisted
		पुं॰	આડું વલણ	वक्रभाव, रुखाई का भाव	unfriendly attitude
વંકાઈ	वंकाई	स्त्री॰	1. વાંકાઈ	टेढ़ापन, आड़ापन, वक्रता	crookedness
			2. આડાઈ	वक्रता, ज़िद	cussedness
વંકાવું	वंकावुं	अ॰ क्रि॰	1. રિસાવું, આડા થવું 2. વાંકું થવું, વળાંક કે વાંકમાં જવું, વળવું	रूठना, आड़ा होना टेढ़ा होना, मुड़ना	to take offence to bend, to turn
વંકું	वंकुं	वि॰	વંક, વાંકું	टेढ़ा, वक्र	bent
વંચાવવું	वंचाववुं	स॰ क्रि॰	'વાંચવું' નું પ્રેરક	पढ़ाना	causal of 'वांचवुं'
વંચાવું	वंचावुं	अ॰ क्रि॰	1. 'વાંચવું' નું કર્મણિ 2. નિંદા થવી	पढ़ा जाना निंदा होना	to be read to be criticized
વંચિત	वंचित	वि॰	1. છેતરાયેલું	ठगा हुआ, छला हुआ, वंचित	deceived, cheated
			2. વિમુખ, હીન	विमुख, रहित	separated, deceitful, mean
વંછેરવું	वंछेरवुं	स॰ क्रि॰	વીંખવું, ઊંધુછત્તું કે આધુંપાછું કે આડુંઅવળું કરવું	छिन्नभिन्न, तितर-बितर, अस्तव्यस्त करना	to upset, to mess up
વંઝા	वंझा	स्त्री॰	વંધ્યા, વાંઝણી સ્ત્રી	बाँझ स्त्री, वंध्या स्त्री	barren woman
વંટોળ, વંટોળિયો	वंटोळ, वंटोळियो	पुं॰	કૂંડાળા કરતો જોરમાં વાતો પવન	बवंडर, बगूला	whirlwind
વંઠવું	वंठवुं	अ॰ क्रि॰	1. હાથથી જવું, હદ બહાર જવું	हाथ से जाना, मर्यादा का उल्लंघन करना	to go astray, to be dissipated, to pass the limits of

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. ઝાટવું, વહી જવું	न रुकना, किसी के क़ाबू में न रहना, चाल-ढाल ख़राब होना	overflow
વંડો	वंडी	स्त्री॰	ખુલ્લી જમીનની આસ-પાસની નાની ભીંત	चहारदीवारी	compound-wall
વંડો	वंडो	पुं॰	1. મોટી વંડી 2. તેના વડે આંતરેલું મોટું સ્થાન 3. પોળ, શેરી	बड़ी चहारदीवारी अहाता गली	large courtyard a place with a large courtyard narrow lane
વંઢી	वंढी	स्त्री॰	જુઓ 'વંડી'	देखिए 'वंडी'	see 'वंडी'
વંઢો	वंढो	पुं॰	જુઓ 'વંડો'	देखिए 'वंडो'	see 'वंडो'
વંતાક	वंताक	न॰	રીંગણું	बैंगन	brinjal
વંતાકડી	वंताकडी	स्त्री॰	રીંગણી	बैंगन (पौधा)	small brinjal
વંદન, વંદના	वंदन, वंदना	न॰, स्त्री॰	નમસ્કાર, પ્રણામ	वंदन, प्रणाम, नमस्कार	bow, salute
વંદનીય	वंदनीय	वि॰	વંદન કરવા યોગ્ય	वंदनीय	worthy of salutation
વંદવું	वंदवुं	स॰ क्रि॰	પ્રણામ કરવો	प्रणाम करना	to bow, to salute, to greet
વંદો	वंदो	पुं॰	એક જીવડું	चपड़ा (जंतु)	cocroach
વંશ	वंश	पुं॰	1. પુત્ર - પૌત્રાદિકનો ક્રમ 2. ઔલાદ 3. વાંસ 4. વાંસળી, પાવો	वंश, कुल संतान, वंश बाँस बाँसुरी	lineage offspring bamboo flute
વંશચરિત્ર	वंशचरित्र	न॰	વંશાવળી, પેઢીનામું	वंशवृक्ष, कुरसीनामा	genealogy
વંશજ	वंशज	वि॰	વંશમાં જન્મેલું	वंशज, वंश में उत्पन्न	descendent
		पुं॰	સંતાન, વારસદાર	संतान, वारिस	heir, inheritor

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વંશપરંપરા	वंशपरंपरा	સ્ત્રી॰	પેઢીનો ક્રમ	वंशपरंपरा	succession of generations
		અ॰	પેઢીના ક્રમથી	वंश के क्रम में	in the order of succeeding generations
વંશલોચન	वंशलोचन	ન॰	જુઓ 'વાંસકપૂર'	देखिए 'वांसकपूर'	see 'वांसकपूर'॰
વંશાવેલો	वंशवेलो	પું॰	વંશરૂપી વેલો, વંશપરંપરા, સંતતિ	संतान	generation, progeny
વંશાવળિ, વંશાવળી	वंशावळि, वंशावळी	સ્ત્રી॰	પેઢીનામું, વંશવૃક્ષ	वंशावलि	lineal chart
વા	वा	પું॰	1. પવન, વાયુ	पवन, वायु, हवा	wind, air
			2. તરંગ, ઝાંટો	कल्पना, मन की तरंग, उपज	fancy
			3. શરીર પર ગડગૂમડ નીકળવાનો, માથામાં કે કાનમાં ચસકા નાખવાનો કે સાંધા રહી જવાનો રોગ	वातरोग	rheumatism
			4. જીવ, પ્રાણ	जीव, प्राण	life
			5. રોગ કે વિચારનું મોજું	रोग या विचार का वेग, लहर (ला॰)	prevalence (of an epidemic or thought, idea or opinion)
		અ॰	'જેટલે અંતરે કે જેટલું' –એ અર્થમાં નામને લાગે છે, (ઉદા. ખેતરવા)	'इतने फासले पर या इतना दूर'- के अर्थ में संज्ञा के अंत में प्रयुक्त होता है	as farther as
વાઈ	वाई	સ્ત્રી॰	મૃગી, ફેફરું, 'હિસ્ટીરિયા'	मूर्च्छा रोग, बाई, मिर्गी	epilepsy, hysteria
વાઉ	वाउ	સ્ત્રી॰	1. પગમાં એડી ને તળિયામાં પડતી ફાટ, વૈઢ	बिवाई	rift forming itself on soles of feet and on heels

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. વાયલ	अस्थिरचित्त, तरंगी	fanciful, unsteady
વાઉલું	वाउलुं	वि॰	વાયલ, ગાંડું	अस्थिरचित्त, तरंगी	fanciful, unsteady
વાઉચર	वाउचर	न॰	ખરીદ કર્યાનું-ભાવતાલ કે બિલની રકમ છે.ની ખાતરી આપતું ભરતિયું, પહોંચ છે. જેવો ખાતરીદાર કાગળપત્ર	खर्च का पुरज़ा, वाउचर	voucher
વાક	वाक	स्त्री॰	વાચા, વાણી	वाचा, वाणी	speech, language
		पुं॰	1. કસ, સત્ત્વ	सत्व	essence
			2. લોટ બંધાય એવી તેની ચીકાશ	आटे की चिकनाई	sticky substance which goes with dough
વાકેફ, વાકેફગાર	वाकेफ, वाकेफगार	वि॰	1. જાણીતું, માહિતગાર	वाक़िफ़, सुज्ञात, अनुभवी	well-informed, knowledgeable
			2. પ્રવીણ	प्रवीण	proficient
વાકેફગારી	वाकेफगारी	स्त्री॰	જાણ, માહિતી	वाक़िफ़कारी, जानकारी, अनुभव	knowledge, proficiency
વાકછટા	वाक्छटा	स्त्री॰	વાણીની છટા, છટાદાર વાણી	वाक्छटा	style of speaking
વાકપટુ	वाक्पटु	वि॰	બોલવામાં ચતુર	बोलने में चतुर, वाक्पटु	clever in speech
વાક્ય	वाक्य	न॰	1. પૂર્ણ અર્થ બતાવતો શબ્દસમૂહ	वह शब्द समूह जो कहने का मतलब स्पष्ट व्यक्त करता हो, वाक्य	sentence
			2. વચન, કથન	कथन, वचन	speech

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાક્યપૂર્તિ	वाक्यपूर्ति	સ્ત્રી॰	અધૂરું વાક્ય પૂરું કરવું કે તેમ કરનાર શબ્દો	वाक्यपूर्ति	completing a sentence or words completing a sentence
વાક્યરચના	वाक्यरचना	સ્ત્રી॰	વાક્યની રચના	वाक्यरचना	syntax
વાખરો	वाखरो	પું॰	ઘરગતુ સરસામાન (પ્રાયઃ 'ઘર' સાથે પ્રયોગ થાય છે)	घरबार, घर की चीज़ें	household furniture and goods
વાગડ	वागड	પું॰	1. ગુજરાતનો એક પ્રદેશ	गुजरात का एक भूभाग	name of a region in Gujarat
			2. કપાસની એક જાત	कपास की एक जाति	variety of cotton-plant
વાગલાં	वागलां	ન॰	વાંગલાં, વલખાં	व्यर्थ प्रयत्न	vain struggle
વાગવું	वागवुं	અ॰ ક્રિ॰	1. અવાજ નીકળવો (વાદ્યનો)	(वाद्य से) आवाज़ निकलना	to make sound (musical instrument)
			2. છજા થવી, જખમાવું	चोट लगना, लगना, घाव होना	to be hurt, to be wounded
			3. (અમુક કલાકનો) સમય થવો	(अमुक घंटों का) समय होना	to strike (time)
વાગળું	वागळुं	ન॰	વાગલું, વાગોળ	चमगादड़	a kind of nocturnal bird
વાગોલ	वागोल	સ્ત્રી॰, ન॰	1. વડવાગોળ	चमगादड़	a kind of nocturnal bird
			2. વાગોલવું તે, ઓગાળ	जुगाली	to chew the cud
વાગોલવું	वागोलवुं	સ॰ ક્રિ॰	1. ખાધેલું મોંમાં લાવી ફરી ચાવવું (ઢોરે)	जुगाली करना, पगुराना	to chew the cud (cattle)
			2. ધીમે ધીમે ચાવી ખાતાં વાર લગાડવી	(ला॰) चबा-चबाकर खाने से देर लगाना	masticate slowly

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાગોળ	वागोळ	स्त्री॰	જુઓ 'વાગોલ'	चमगादड़	see 'વાગોલ'
વાગોળવું	वागोळवुं	स॰ क्रि॰	જુઓ 'વાગોલવું'	जुगाली करना, पगुराना	see 'વાગોલવું'
વાગ્દાન	वाग्दान	न॰	1. 'કન્યા આપીશ' એમ કહેવું તે, સગાઈ	मँगनी, सगाई, वाग्दान	engagement, betrothal
			2. વચન	वचन	promise
વાગ્યુદ્ધ	वाग्युद्ध	न॰	1. માત્ર શાબ્દિક યુદ્ધ	शब्दों का युद्ध, वाग्युद्ध	exchange of hot words
			2. ગરમાગરમ ચર્ચા	गरमागरम चर्चा	heated discussion
વાગ્યે	वाग्ये	अ॰	વાગતાં, વાગે ત્યારે	बजे	at the stroke of
વાઘ	वाघ	पुं॰	એક હિંસ્ર પ્રાણી, શેર	बाघ, शेर, व्याघ्र	tiger
વાઘણ	वाघण	स्त्री॰	વાઘની માદા	शेरनी	tigress
વાઘનખ	वाघनख	पुं॰	1. વાઘના નખનું બાળકનું ઘરેણું	बघनखा, बाघनख	child's ornament made from tiger's claw
			2. એક પોલાદી હથિયાર	एक फौलादी हथियार	kind of iron weapon
			3. એક ગંધદ્રવ્ય	एक गंधद्रव्य	kind of fragrant substance
વાઘબારશ, વાઘબારસ	वाघबारश, वाघबारस	स्त्री॰	આસો વદિ બારશ	कार्तिक कृष्णा द्वादशी	twelfth day of the dark half of Ashvin
વાઘરી	वाघरी	पुं॰	1. એ નામની જાતનો આદમી	'वाघरी' जाति का व्यक्ति	a member of this community
			2. મેલો, ગંદો, અસભ્ય કે નીચ માણસ	मैला, गंदा, असभ्य या नीच व्यक्ति	dirty, shabby or uncultured person

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાઘરણ	वाघरण	स्त्री॰	1. વાઘરીની કે વાઘરી સ્ત્રી	वाघरी जाति की स्त्री	woman of the tribe of *vagharies*
			2. ગંદી ફૂઅડ સ્ત્રી	गंदी फूहड़ स्त्री	untidy woman
વાઘેર	वाघेर	पुं॰	કાઠી લોકની એક જાતનો આદમી	'काठी' की एक जाति का व्यक्ति	a member of *Kathi* race
વાઘેલો	वाघेलो	पुं॰	રજપૂતોની એક જાતનો આદમી	राजपूतों की एक जाति का पुरुष	member of branch of Rajputs of the name *vaghela*
વાઘો	वाघो	पुं॰	1. ડગલો, પોશાક	वेश, बाना, पहनावा	garment, dress
			2. ગાંસડી	गठरी	bundle, bale
વાચ	वाच	स्त्री॰	1. વાચા, ભાષા, બોલી, વાણી	वाचा, भाषा, वाणी	speech, language
			2. બોલવાની શક્તિ	बोलने की शक्ति	power of speech
વાચન	वाचन	न॰	1. વાંચવું તે	वाचन, पाठ, पढ़ाई	reading
			2. વાંચવાની ઢબ	पढ़ने का ढंग	mode of reading
			3. ધારાસભામાં ચર્ચા માટે બિલ આવવું તે	विधानसभा में बिल का चर्चा हेतु पेश होना, वाचन	one of the stages through which a Bill must pass (in a parliament), reading
વાચનમાળા	वाचनमाळा	स्त्री॰	શાળાના વર્ગોમાં ચલાવવા તૈયાર કરેલી ચોપડીઓની શ્રેણી	पाठावली	primer

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાચસ્પતિ	वाचस्पति	पुं॰	,બૃહસ્પતિ, દેવોના ગુરુ	बृहस्पति, वाचस्पति	Brihaspati, preceptor of Gods
વાચા	वाचा	स्त्री॰	વાણી, બોલી	वाचा, वाणी, बोल-चाल की भाषा	speech, language
વાચાલ, વાચાળ	वाचाल, वाचाळ	वि॰	બહુબોલું	वाचाल	loquacious, talkative
વાછટ	वाछट	स्त्री॰	પવનથી ઊડેલા વરસાદના છાંટા	हवा से उड़ी हुई बारिश की बूँदें, बौछार	spray (of rain)
વાછટિયું	वाछटियुं	न॰	વાછટ અટકાવવા બારી – બારણાં પર કરેલું છજું	सायबान, पड़छती	weather-shade
વાછડી	वाछडी	स्त्री॰	ગાયનું માદા બચ્ચું	बछड़ी	heifer
વાછડું	वाछडुं	न॰	વાછરું	बछड़ा	calf
વાછડો	वाछडो	पुं॰	ગાયનું નર બચ્ચું	बछड़ा	calf-
વાછરું	वाछरुं	न॰	ગાયનું બચ્ચું	बछड़ा	calf
વાછંટ,	वाछंट,	स्त्री॰	જુઓ 'વાછટ'	देखिए 'वाछट'	see 'वाछट'
વાછંટિયું	वाछंटियुं	न॰	જુઓ 'વાછટિયું'	देखिए 'वाछटियुं'	see 'वाछटियुं'
વાછૂટ	वाछूट	स्त्री॰	ગુદા વાટે પવન નીકળવો-પાદવું તે	पादना	to fart
વાજ	वाज	वि॰	1. ત્રાસવું, કંટાળેલું	त्रस्त, उकताया हुआ	to be troubled, to be bothered, to be fed up with
			2. હારેલું	हारा हुआ	defeated
		स्त्री॰	1. ઉપદેશ	उपदेश	serman, preaching

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. તોબા, પીડા, કંટાળો	पीड़ा, ऊब	trouble, pain, botheration
વાજણ	वाजण	स्त्री॰	ઉમદા જાતની ઘોડી	बढ़िया जाति की घोड़ी	mare of high pedigree
વાજબી	वाजबी	वि॰	ઘટિત, યોગ્ય	वाजिब, उचित, वाजिबी	proper, reasonable
વાજાપેટી	वाजापेटी	स्त्री॰	હાર્મોનિયમ, પેટી	हारमोनियम	harmonium
વાજિંત્ર	वाजिंत्र	न॰	વાજું, વાદ્ય	बाजा, वाद्य, वादित्र	musical instrument
વાજિયા	वाजिया	वि॰, पुं॰	પાણી પાઈને પકવેલા (ઘઉં)	सिंचाई से तैयार किया (गेहूँ)	variety of wheat grown by irrigation
વાજિંત્ર	वाजिंत्र	न॰	વાજું, વાદ્ય	बाजा, वाद्य, वादित्र	musical instrument
વાજું	वाजुं	न॰	1. વા, ઘા ને ઘસરકો કે એ ત્રણ પૈકી કોઈથી ધ્વનિ નીકળે તેવું સાધન	बाजा, वाद्य	musical instrument
			2. એકસરખા (ટીકાપાત્ર) લક્ષણવાળા લોકોનું મંડળ	एक सी वृत्ति वाले लोगों की मंडली	group of persons having common interests (not very praiseworthy)
વાટ	वाट	स्त्री॰	1. રસ્તો	मार्ग, बाट	path, way
			2. પ્રતીક્ષા, રાહ	प्रतीक्षा, राह (देखना)	expectation, awaiting
			3. દિવેટ	(दिये की) बत्ती	wick
			4. પૈડા ઉપર ચડાવવામાં આવતો પાટો	पहिये पर चढ़ाया जाने वाला लोहे का पट्टा, हाल	iron ring put round the wheel of a cart

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાટકી	वाटकी	સ્ત્રી॰	છાલી, કટોરી	कटोरी, प्याली	small cup of metal
વાટકો	वाटको	પું॰	મોટું છાલું	कटोरा	cup of metal
વાટખરચ, વાટખર્ચ, વાટખર્ચી	वाटखरच, वाटखर्च, वाटखर्ची	પું॰, ન॰ સ્ત્રી॰	1. મુસાફરીનો ખર્ચ 2. મુસાફરી દરમિયાન ખરચવાની રકમ	राहखर्च, मार्गव्यय यात्रा खर्च	travel fare incidental expenses during a journey
વાટણિયો	वाटणियो	પું॰	વાટવાનો ગોળ પથ્થર	बट्टा, लोढ़ा	round stone used for levigating
વાટણી	वाटणी	સ્ત્રી॰	વહેંચણી	बाँटना, बँटाई	distribution
વાટણો	वाटणो	પું॰	વાટણિયો	बट्टा, लोढ़ा	see 'વાટણિયો'
વાટપાડુ	वाटपाडु	પું॰	વાટકૂટિયો	मार्ग का लुटेरा, रास्ते का चोर	highway robber
વાટમાર	वाटमार	વિ॰, પું॰	જુઓ 'વાટકૂટિયો'	देखिए 'वाटकूटियो'	see 'વાટકૂટિયો'
વાટલા	वाटला	પું॰	ભાંગેલ ચોખા	चावल के टूटे हुए बड़े कण, कनकी	broken rice
વાટે	वाटे	અ॰	દ્વારા, વડે	से द्वारा	with, through
વાટો	वाटो	પું॰	1. ગોળ લાંબો વીંટો 2. પેટ પર વળતી મોટી કરચલી 3. ચૂનાની ગોળ કિનાર	गोल लम्बा बीड़ा (पेट पर पड़ने वाली) झुर्री चूने से बनी दीवार की गोल किनारी	roll wrinkle, fold (on the belly) rounded border of mortar
વાડ	वाड	સ્ત્રી॰	1. જમીનની આજુબાજુ કાંટા વગેરેની કરેલી આડ 2. મહોલ્લો, લત્તો	बाड़, झाड़बंदी मोहल्ला, टोला	hedge, fence street
વાડકી	वाडकी	સ્ત્રી॰	જુઓ 'વાટકી'	कटोरी, प्याली	see 'વાટકી'
વાડકું	वाडकुं	ન॰	જુઓ 'વાટકો'	कटोरा	see 'વાટકો'

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાડકો	वाडको	पुं॰	જુઓ 'વાટકો'	कटोरा	see 'વાટકો'
વાડવળગણી	वाडवळगणी	स्त्री॰	વાડ	बाड़, झाड़बंदी	fence
વાડાબંધી	वाडाबंधी	स्त्री॰	અલગ અલગ વાડામાં બંધાવું તે – જુદાઈ, પક્ષાપક્ષી	दलबंदी	forming factions
		वि॰	વાડામાં બંધાયેલું એવું	दलबंदी में शामिल	tied up in an enclosure
વાડો	वाडी	स्त्री॰	1. બાગ, બગીચો 2. ફૂલ ગૂંથીને કરેલો શણગાર 3. નાતવરાઈ માટે બાંધેલી વચ્ચે ચોકવાળી જગા	बाग़, फुलवारी, बाड़ी फूलों की चादर या उनकी सजावट बिरादरी के भोज आदि के लिए बिरादरी की ओर से बनाया हुआ चौकवाला मकान, बाड़ी	garden decoration of flowers place for caste dinner gathering etc.
			4. નાનો વાડો કે મહોલ્લો, પોળ જેવી જગા	छोटा मुहल्ला, कूचा	alley, small street
વાડોવજીફો	वाडोवजीफो	पुं॰	1. જાગીર, ખેતર વગેરે	जागीर, ज़मीन आदि	farmland, estate etc.
			2. (લા.) સમૃદ્ધિ	समृद्धि	wealth
વાડોવસ્તાર	वाडोवस्तार	पुं॰	કુટુંબકબીલો	कुटुंब-कबीला, परिवार के सारे सदस्य	family and relations
વાડો	वाडो	पुं॰	1. ઘર પછવાડે આંતરેલી ખુલ્લી જગા 2. બકરાં-ઘેટાં પૂરવાની જગા 3. મહોલ્લો	घर का घिरा हुआ पिछवाड़ा, अहाता, बाड़ा पशुशाला, बाड़ा कूचा, मुहल्ला	backyard pen, fold street

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			4. સંડાસ	पाखाना	toilet
			5. તડ, પક્ષ	(ला॰) दल, पक्ष	faction, division
વાડોલિયું	वाडोलियुं	न॰	ઝાડની આસપાસ કરેલી નાની વાડ	पेड़ के इर्दगिर्द की हुई छोटी बाड़	small fence set up round a tree
વાઢ	वाढ	पुं॰	1. કાપ, જખમ	काट, घाव	cut, wound
			2. ધાર	हथियार की धार	edge (of an instrument for cutting)
			3. ચૂંક	पेट की ऐंठन, मरोड़	cramps, colic
			4. કાપણી	(फ़सल की) कटाई, लुनाई	reaping
			5. શેરડીનું ખેતર કે વાવેતર	ईख की खेती या ईख का खेत	field of sugarcane
			6. શેરડી પીલવાનો સંચો	कोल्हू (ईख पेरने का)	machine for pressing sugarcane
વાઢકાપ	वाढकाप	स्त्री॰	ચીરવું કે કાપવું તે (દાક્તરે)	चीर-फाड़	surgery
વાઢકૂટિયો	वाढकूटियो	पुं॰	વાઢકાપ કરનારો (દાક્તર)	चीर-फाड़ करने वाला (डाक्टर)	surgeon
વાઢણી	वाढणी	स्त्री॰	કાપણી	कटाई	mowing
વાઢવું	वाढवुं	स॰ क्रि॰	કાપવું	काटना	to mow
વાઢિયો	वाढियो	पुं॰	1. ઉત્કટ ઇચ્છા	चसका, उत्कट इच्छा	acute desire
			2. ચડસ	लत, चसका	addiction
			3. વાઢ, કાપ	चीर-फाड़	operation, cut
વાઢી	वाढी	स्त्री॰	ઘી પરસવાનું નાળચાવાળું માટીનું વાસણ	करवा	pot carrying ghee, with a nozzle fixed to it

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વજ્જર	वज्जर	न॰	ઇંદ્રનું આયુધ–વજ્ર	इंद्र का आयुध, वज्र	thunder-bolt of Indra
વજ્ર	वज्र	न॰	1 દધીચિ ઋષિનાં હાડકાંનું બનેલું ઇન્દ્રનું આયુધ	वज्र, इंद्र का आयुध	thunder-bolt of Indra
			2 વીજળી	बिजली	lightning
વજ્રકાય	वज्रकाय	वि॰	વજ્ર જેવી કઠણ કાયાવાળું	वज्र जैसी कठिन काया वाला	having a body strong as steel
વજ્રદંતી	वज्रदंती	स्त्री॰	એક વનસ્પતિ	वज्रदंती	kind of herb
વજ્રપાત	वज्रपात	पुं॰	વીજળીનું પડવું તે કે તેના જેવો ભયંકર આઘાત, વજ્રઘાત	वज्राघात, वज्रपात	shooting of a thunder bolt
વજ્રલેપ	वज्रलेप	पुं॰	કદી ઊખડે નહિ તેવો લેપ, મસાલા ભેળવેલો તેવો ચૂનો કે તેનો લેપ	वज्रलेप	mortar or similar plaster which is impossible to remove
		वि॰	તેના જેવું સજ્જડ	वज्रलेप जैसा सख़्त	strong as plaster
વજ્રહૃદય	वज्रहृदय	न॰	વજ્ર જેવું કઠણ હૃદય	वज्र सा कड़ा हृदय	heart hardened as steel
		वि॰	તેવા હૃદયવાળું, નિષ્ઠુર	निष्ठुर, वज्रहृदय	heartless
વજ્રાઘાત	वज्राघात	पुं॰	1 વજ્ર કે વીજળીનો આઘાત 2 તેના જેવી આકસ્મિક આફત	वज्र या बिजली का आघात भारी विपत्ति, वज्रपात	shock as of a thunderbolt calamity
વાટવું	वाटवुं	स॰ क्रि॰	1 ભૂકો કરવો, કચરવું, લસોટવું	पीसना, कुचलना	to pound, to crush, to grind by rubbing on a stone with muller

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. વહેંચવું	बाँटना	to distribute, to divide
વાટવો	वाटवो	पुं॰	પાનસોપારી કે પૈસા વગેરે રાખવાની ઘણાં પડવાળી એક પ્રકારની કોથળી	बटुआ	a bag with many partitions for holding money, areca-nut, beatle leaves etc.
વાટાઘાટ	वाटाघाट	स्त्री॰	ભાંજગડ, પંચાત	बातचीत, चर्चा	negotiation, discussion
વાણિયણ	वाणियण	स्त्री॰	વાણિયા કોમની કે વાણિયાની સ્ત્રી	बनियाइन, बनिये की स्त्री	a Baniya woman
વાણિયો	वाणियो	पुं॰	એ નામની નાતનો આદમી	बनिया	member of the *Bania* community
વાણિયાગત	वाणियागत	स्त्री॰	વાણિયાવેડા	बनियापन	behaviour typical of members of the *bania* caste
વાણિયાગીરી, વાણિયાવિદ્યા	वाणियागीरी, वाणियाविद्या	स्त्री॰	વાણિયાની રીત કે વર્તન (લુચ્ચાઈ, કરકસર, વખત વરતીને કામ લેવું, લાભહાનિ પ્રથમ વિચારવાં વગેરે)	बनियापन	behaviour marked by features such as thrift, practical sense etc. peculiar to *banias*
વાણિયાવેડા	वाणियावेडा	पुं॰	વાણિયાની રીત, જુઓ 'વાણિયાવિદ્યા'	बनियापन	see 'વાણિયાવિદ્યા'
વાણીશૂરું	वाणीशूरुं	वि॰	બોલવે શૂરું	बोलने में शूर, वाक्पटु	brave in speech
વાણો	वाणो	पुं॰	વણતાં નંખાતા આડા દોરા	बाना (सूत का)	woof

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાણોતર	वाणोतर	पुं॰	ગુમાસ્તો	गुमाश्ता, कारिंदा	merchant's clerk
વાણોતાણો	वाणोताणो	पुं॰	વાણો અને તાણો	ताना-बाना	woof and warp
વાત	वात	स्त्री॰	1. વાર્તા, કથા	कहानी, कथा	story, narrative
			2. હકીકત, બીના, વૃત્તાંત	घटना, वृत्तान्त, हक़ीकत, सच बात	happening, event, report
			3. લોકમાં ચાલતી ખરીખોટી વાત, ગામગપાટો	गप, अफवाह	rumour
			4. કહેવું કે કહેવાનું તે (ઉદા. તમારી વાત હું સમજ્યો)	कथन, कहना, बात	narration, talk
			5. વાતચીત, સંભાષણ	संभाषण, वार्तालाप	conversation, talk
			6. મોટી-અગત્યની કે અઘરી બાબત (ઉદા. એમાં તે શી મોટી વાત છે?)	बिसात, हैसियत, बहुत आवश्यक या कठिन बात, मामला या विषय	weighty or difficult matter
			7. વિષય, બાબત (ઉદા. મારા હાથની વાત નથી)	काम, विषय, बात	topic, subject
			8. રીત, વર્તન (ઉદા. પૈસાદારની વાત જુદી છે), વહેવાર	बात, रवैया, तौर-तरीका, व्यवहार	manner, way, dealing
			9. વર્ણન, ગુણગાન (ઉદા. એની જ વાત બધે થાય છે.)	वर्णन, प्रशंसा की बात, ख़ूबी	description, praise
			10. સરસાઇ, વાદ (ઉદા. એની વાત ન થાય)	बराबरी, मुक़ाबला	comparison, competition
			11. કહેવાનું કે કરવાનું (ઉદા. વખત આવ્યે ત્યારે વાત)	कहना या करना, बात आ पड़ना	plan of action

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेजी पर्याय
			12. 'યોજના, ગોઠવણ (ઉદા. મારી બધી વાત ઊંધી વળી)	योजना, कोई काम करने का विचार	plan, arrangement
			13. ગુપ્ત ભેદ, રહસ્ય (ઉદા. તેની વાત બહાર પડી ગઈ)	रहस्य, भेद, बात	secret
વાતચીત	वातचीत	સ્ત્રી॰	1. સંભાષણ	बातचीत, वार्तालाप	conversation
			2. ગપ્પાં	गप-शप	gossip
વાતડ	वातड	સ્ત્રી॰	1. લાંબી લાંબી વાત, ટાયલું	लंबी–लंबी बात	interminable talk
			2. વા પેસી શકે તેવી તરડ	वायु जा सके ऐसी दरार	small crack
વાતાવરણ	वातावरण	ન॰	1. પૃથ્વીને વીંટળાઈને રહેલું વાયુનું આવરણ	वातावरण, पृथ्वी के चारों ओर स्थित वायु	the atmosphere
			2. પરિસ્થિતિ, આજુ બાજુના નૈતિક કે માનસિક સંજોગો	परिस्थिति, व्यक्ति के जीवन को प्रभावित करने वाले संजोग	situation, circumstance
વાતૂડું, વાતોડિયું, વાતોડું	वातूडुं, वातोडियुं, वातोडुं	વિ॰	ઘણી વાતો કરવાની ટેવવાળું	बातूनी	talkative
વાત્સલ્ય	वात्सल्य	ન॰	મમતા, પ્રેમ (મોટાનો નાના પ્રત્યે)	ममता, प्रेम (बड़ों का छोटों के प्रति)	kindness, affection for young ones, paternal love
વાદ	वाद	પું॰	1. ચર્ચા, શાસ્ત્રાર્થ	बहस, शास्त्रार्थ, वाद	discussion, learned debate
			2. ભાંજગડ, તકરાર	तकरार, वाद–विवाद	squabble, wrangle
			3. ચડસાચડસી	होड़, लाग-डाँट	rivalry

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			4. જ્ઞાનવિજ્ઞાન કોઈ વિષયમાં કાઢેલું અનુમાન કે તારણ કે બાંધેલી માન્યતા યા સિદ્ધાંત	सिद्धान्त, वाद	theory or ism
વાદણ	वादण	સ્ત્રી॰	'વાદી' નું સ્ત્રીલિંગ	मुद्दई स्त्री	fem. of 'वादी'
વાદન	वादन	ન॰	વગાડવું તે	वादन, बजाना	playing on a musical instrument
વાદળ	वादळ	ન॰	આકાશમાં એકઠો થયેલો વરાળનો ગોટા જેવો સમૂહ જે વરસાદ રૂપે નીચે પડે છે	बादल	cloud
વાદળી	वादळी	વિ॰	1. વાદળી રંગનું	बादल के रंग का, आसमानी	blue
			2. વાદળાંમાં થઈને આવતો (સખત તાપ)	बादलों से होकर आनेवाला	heat of the sun filtering through clouds
		સ્ત્રી॰	1. નાનું વાદળ	छोटा बादल, बदली	small cloud
			2. પાણી ચૂસી રાખે તેવી એક દરિયાઈ જાનવર કે તેવી કૃત્રિમ પેદાશ, સ્પંજ	इसपंज, मुर्दा बादल	sponge
વાદળું	वादळुं	ન॰	વાદળ	बादल	cloud
વાદિત્ર	वादित्र	ન॰	વાજિંત્ર, વાજું	बाजा, वादित्र	musical instrument
વાદી	वादी	વિ॰	1. વદનાર, બોલનાર (સમાસને અંતે)	बोलने वाला, वादी	sayer, speaker

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. વાદમાં માનનારું (સમાસને છેડે)	मत या वाद में मानने वाला	believer in an ism (e.g. समाजवादी)
		पुं॰	1. રાગનો પ્રધાન સ્વર	राग का मुख्य स्वर, वादी	principal note of a mode (musical)
			2. વાદ કરનાર	स्पर्धा करने वाला	rival
			3. ફરિયાદી	मुद्दई, वादी	complainant, plaintiff
			4. મુરલી વગેરે વગાડીને (સાપ વગેરેનો) ખેલ કરનાર, મદારી	मदारी	snake-charmer
વાદીગર	वादीगर	पुं॰	મદારી, ખેલાડી	मदारी	snake-charmer
વાદીલું	वादीलुं	वि॰	મમતી, વાદે ચડી જાય તેવું	आग्रही, हठी	obstinate
વાદોવાદ	वादोवाद	अ॰	સ્પર્ધામાં, વાદે વાદે	स्पर्धा में, स्पर्धा के चक्कर में	in a spirit of rivalry
વાધણ, વાધણી	वाधण, वाधणी	स्त्री॰	હેડકી, અટકડી	हिचकी	hiccup
વાધર, વાધરી	वाधर, वाधरी	स्त्री॰	ચામડાની સાંકડી પટી કે દોરી	वधी, चमड़े की डोरी या पट्टी	string or narrow strap of leather
વાન	वान	पुं॰	રંગ, વર્ણ	वर्ण, रंग	colour
		स्त्री॰	ટાઢથી ફાટેલી ચામડી	सर्दी से फटी चमड़ी	chilblain
		न॰	શરીરનો બાંધો	शरीर की गठन, काठी	build, constitution of body
વાનગી	वानगी	स्त्री॰	1. નમૂનો	नमूना	sample
			2. નવાઈની ચીજ	अनूठी चीज़	novelty
વાનર	वानर	पुं॰	વાંદરો, કપિ	वानर, बंदर	monkey, ape
વાની	वानी	स्त्री॰	જણસ, ચીજ, પ્રકાર (જમણનો)	चीज़, व्यंजन (भोजन)	a dish

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાનું	वानुं	न॰	વસ્તુ, ચીજ, જણસ	चीज़, वस्तु	thing, article, commodity
વાપર	वापर	पुं॰	વપરાશ	उपयोग, इस्तेमाल	use
વાપરવું	वापरवुं	स॰ क्रि॰	૧ ઉપયોગમાં લેવું	इस्तेमाल करना, उपभोग करना	to use
			૨ ખર્ચવું	खरचना, व्यय करना	to spend
વાબારી, વાબારું	वाबारी, वाबारुं	स्त्री॰, न॰	જાળિયું, બાકું	रोशनदान	small window or grill
વામ	वाम	स्त्री॰	જુઓ 'વામા'	स्त्री, वामा	see 'वामा'
		पुं,स्त्री॰	બે હાથ પહોળા કરતાં છાતી સાથે થતી લંબાઈનું માપ	लंबाई की एक नाप	length between the extremities of both hands extended
		वि॰	૧ સુંદર	सुंदर	beautiful
			૨ ડાબું	बायाँ	left
			૩. ઊલટું, પ્રતિકૂળ	प्रतिकूल, उलटा	reverse, unfavourable
			૪. અધમ, નીચ	अधम, नीच	mean, low
વામણું	वामणुं	वि॰	ઠીંગણું, નીચું	बौना, ठिगना	stunted
વામાટામા	वामाटामा	पुं॰	અનિશ્ચયમાં વખત ગાળવો તે, આનાકાની, ગલ્લાંતલ્લાં	आनाकानी, टालमटोल	indecision, hesitation
વાયક	वायक	न॰	વેણ, વાક્ય (પ.)	वचन, वाक्य	word, sentence
વાયકા	वायका	स्त्री॰	વાત, ગપ, અફવા	बात, गप, अफ़वाह	story, rumour
વાયડાઈ	वायडाई	स्त्री॰	વાયડાપણું	गप या शेखी मारने का भाव	queer behaviour, audacity
વાયડું	वायडुं	वि॰	૧ પેટમાં વાયુ ઉત્પન્ન કરે તેવું	वातकारक, वादी	causing gas in stomach

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. ફડાકા કે ફુલારા મારવાની ટેવવાળું	गप मारने का आदी	bragging, vain
			3. (લા.) વિચિત્ર સ્વભાવનું, હઠીલું	हठी	obstinate
વાયણું	वायणुं	न॰	ખુશાલીનું જમણ	आनंदोत्सव का भोजन	feast on a joyous happening
વાયદાસર	वायदासर	अ॰	વાયદા પ્રમાણે, મુદતસર	वादे के मुताबिक मिआद से, समय की सीमा के अनुसार	at the appointed time
વાયદો	वायदो	पुं॰	1. મુદત, અવધિ	मुद्दत, अवधि	stipulated (period of) time
			2. મુદત પર કરવાનું કામ	निर्धारित या निश्चित समय में करने का काम	thing to be done at stipulated time
વાયરો	वायरो	पुं॰	પવન	हवा, वायु	wind
વાયલ	वायल	न॰	1. એક જાતનું સ્ત્રીનું વસ્ત્ર	स्त्री का एक तरह का वस्त्र	voil
			2. તરંગી, દૃઢતા વિનાનું	अस्थिरचित्त, तरंगी	fanciful, unsteady
વાયવ્ય	वायव्य	वि॰	1. વાયુ સંબંધી	वायु-सम्बन्धी	relating to wind
			2. ઉત્તરપશ્ચિમ ખૂણાને લગતું	पश्चिमोत्तर दिशा से सम्बंधित	north-western
		स्त्री॰	ઉત્તર અને પશ્ચિમ વચ્ચેનો ખૂણો	पश्चिमोत्तर दिशा	north-west
વાયુ	वायु	पुं॰	પવન	वायु, हवा	wind
		पुं॰, न॰	બાદી	बादी, वायु	flatulence
		न॰	વાઈ, મૃગી	बाई, मिरगी (रोग), अपस्मार	epilepsy
વાયુકોણ	वायुकोण	पुं॰	વાયવ્ય ખૂણો	वायु-दिशा	north-west

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાયુગોળો	वायुगोळो	पुं॰	વાયુનો એક રોગ	वातगुल्म	a complaint caused by gas
વાયુમંડળ	वायुमंडळ	न॰	વાતાવરણ	वायुमंडल, वातावरण	atmosphere
વાયુવેગ	वायुवेग	पुं॰	પવનનો વેગ	वायुवेग	velocity of wind
વાયેલ	वायेल	वि॰	1. વાયલ	अस्थिरचित्त	unsteady in mind
			2. વાયડું	गप मारने का आदी	queer in behaviour, having a habit of bragging
વાર	वार	पुं॰	અઠવાડિયાનો દરેક દિવસ	दिन, वार	a day of the week
		स्त्री॰	1. વખત, સમય	समय, काल	time, period
			2. વખત, ફેરો	बेर, दफ़ा, फेरा	time repeated, e.g. once, twice etc.
			3. વિલંબ	(लो॰) देर, विलंब, ढील	delay
			4. ત્રણ ફૂટ જેટલું માપ	गज़	yard
		न॰	(प.) વારિ, પાણી	पानी, (प॰) जल	water
વારકરી	वारकरी	पुं॰	મહારાષ્ટ્રનો એક ભક્તિસંપ્રદાય કે તેનો અનુયાયી	महाराष्ट्र का एक भक्ति संप्रदाय या उसका अनुयायी	a religious sect or its member (in Maharashtra)
વારકવાર	वारकवार	पुं॰	સારોનરસો દહાડો	शुभाशुभ दिवस	day of good or bad omen
વારકું	वारकुं	वि॰	વાર કે વખતનું	निर्धारित या निश्चित समय का	of a certain day or time
વારવું	वारवुं	स॰ क्रि॰	1. અટકાવવું, મના કરવી	रोकना, मना करना	to dissuade, to discourage

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. ઓવારવું	बलि जाना, वारना	to receive with a ceremonial gesture of warding off evil
			3. ઉતારવી (આરતી)	(आरती) उतारना	to move wick lamps in circular motion round the idol of God
વારસ	वारस	पुं॰	મરનારની મિલકત, જવાબદારી, હકદારી વગેરેનો હકદાર	वारिस, उत्तराधिकारी	inheritor of right, responsibility etc.
વારસનામું	वारसनामुं	न॰	વસિયતનામું	वसीयतनामा	will
વારસાઈ	वारसाई	स्त्री॰	વારસો	विरसा, थाती	inheritance
વારસાગત	वारसागत	वि॰	વારસામાં	मौरूसी, पैतृक	inherited
વારસાહક, વારસાહક્ક	वारसाहक, वारसाहक्क	पुं॰	વારસાનો હક	विरासत, उत्तराधिकार	right of inheritance
વારસું, વારસો	वारसुं, वारसो	न॰, पुं॰	વારસને મળેલી મરનારની મિલકત છે.	विरसा, उत्तराधिकार	property etc. inherited by an heir
વારંવાર	वारंवार	अ॰	વારેઘડીએ, ફરીફરીને	बार-बार, बारंबार	repeatedly, again and again
વારાફરતી	वाराफरती	अ॰	વારા પ્રમાણે એક પછી એક	बारीबारी से	turn by turn, one after another
વારાફેરા	वाराफेरा	पुं॰	1. વારાફરતી કે વારંવાર આવવું જવું તે	बारबार आना-जाना	going and coming one after another or frequently

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. સારીમાઠી સ્થિતિ થવી તે, ચઢતીપડતીના પલટા	दशा का परिवर्तन	turn of fortune
વારુ	वारु	अ॰ वि॰	ઠીક સારું, સુંદર	अच्छा, ख़ैर, अस्तु ठीक, सुंदर	well, all right good, beautiful
વારેઘડીએ	वारेघडीए	अ॰	વારંવાર, વારેવારે	बारबार	frequently, time and again
વારો	वारो	पुं॰	1. વારી, ક્રમ, પાળી 2. અણોજો, પાકો	बारी, पारी छुट्टी	turn, order, shift cessation of work by workmen and tradesmen on certain days
			3. ઘડો, કુંભ	घड़ा, कलसा	earthen pot
વાલ	वाल	पुं॰	1. ત્રણ રતી જેટલું તોલ	तीन रत्ती के बराबरी का एक तौल/परिमाण	a measure
			2. નળી વગેરેની અંદર રાખેલો એક બાજુ ઊંચો થઈ શકે તેવો પડદો	नली वगैरह के अंदर रखा गया उपर उठाया जा सके वैसा पर्दा	valve
			3. એક કઠોળ	सेम, एक द्विदल	a kind of beans
વાલી	वाली	पुं॰	મુરબ્બી, રક્ષક, પાલક	संरक्षक, वली, अभिभावक, 'गार्जियन'	elder, guardian, patron
વાલીવારસ	वालीवारस	पुं॰	વાલી કે વારસ	वली या वारिस	guardian or heir
વાલોળ	वालोळ	स्त्री॰	એક શીંગ–શાક	सेम	kind of bean used as vegetable
વાવ	वाव	स्त्री॰	અંદર ઊતરવાનાં પગથિયાવાળો કૂવો	बावली, बावड़ी	step-well

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાવટો	वावटो	पुं॰	ધજા, ફરકાવવાનું નિશાન	झंडा, पताका, ध्वज	flag, banner
વાવડ	वावड	पुं॰	1. ભાળ, પત્તો, સમાચાર	ख़बर, पता, समाचार	clue, trace, information, news
			2. રોગનું ફેલાવું તે	किसी बीमारी का फैलना	spreading of a disease
વાવડિંગ	वावडिंग	न॰	જુઓ 'વાયવડિંગ'	देखिए 'वायवडिंग'	kind of plant and its seed
વાવડી	वावडी	स्त्री॰	નાની વાવ	छोटी बावली	small step-well
વાવણી	वावणी	स्त्री॰	વાવવું તે	बोआई	sowing
વાવર	वावर	पुं॰	1. વાપર - વપરાશ 2. જુઓ 'વાવડ'	उपयोग, इस्तेमाल देखिये 'वावड'	expanse, use trace, information, news
			3. રોગનું ફેલાવું તે		spreading of a disease
વાવરવું	वावरवुं	स॰ क्रि॰	વાપરવું, ખર્ચવું	इस्तेमाल करना, खर्चना, उपभोग करना	to use, to spend
વાવવું	वाववुं	स॰ क्रि॰	ઉગાડવા માટે જમીનમાં બી કે રોપા નાખવા–રોપવું	बोना	to sow (seeds or saplings)
વાવળી	वावळी	स्त्री॰	બાળકોને થતો પેટનો રોગ	बालकों का एक रोग	complaint of stomach to which children are prone
વાવંટોળ	वावंटोळ	पुं॰	વંટોળિયાનું તોફાન	आँधी	storm

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાવાઝોડું	वावाझोडुं	न॰	વાવંટોળ	आँधी, बवंडर	storm, whirlwind
વાવું	वावुं	अ॰ क्रि॰	1. પવનનું) ફૂંકાવું	हवा का चलना, रहना	to blow
			2. અસર થવી	प्रभाव होना, लगना (ठंड आदि)	to be affected
		स॰ क्रि॰	1. પ્રાયઃ ફૂંકીને) વગાડવું, બજાવવું	बजाना	to play upon a musical instrument (by blowing)
			2. વિયાવું	ब्याना, बियाना	to give birth
વાવેતર	वावेतर	न॰	1. વાવવું તે	बोआई, खेती	sowing, planting
			2. વાવેલું તે	बोई गई चीज़	cultivation, crop
			3. વાવેલી જમીન	बोई हुई ज़मीन	cultivated (land)
વાસ	वास	पुं॰	1. વસવાટ	बसना, बास, निवास	settlement
			2. મુકામ, ઘર, સ્થાન	मुक़ाम, घर, वास, वासस्थान	abode, house, residence
			3. પોળ, મહોલ્લો	मोहल्ला	street
		स्त्री॰	1. ગંધ	बास, गंध	smell
			2. દુર્ગંધ	बदबू, दुर्गंध	bad smell, stink
		न॰	વસ્ત્ર, લૂગડું	वस्त्र, वसन	clothes, apparel
વાસણ	वासण	न॰	પાત્ર, ઠામ	बरतन, पात्र	pot, utensil
વાસના	वासना	स्त्री॰	1. પૂર્વના સંસ્કારોથી દૃઢ થયેલી કામના	दृढ़ मनोकामना, वासना	desires rooted in the deeds of the past birth
			2. વાસ, ગંધ	बास, गंध	smell, scent
વાસરી	वासरी	स्त्री॰	ડાયરી, રોજનીશી	डायरी, दैनंदिनी	diary

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાસેલ	वासल	वि॰	વાસેલ	परती (खेत)	(of land) kept fallow or uncultivated
વાસવું	वासवुं	स॰ क्रि॰	1. બંધ કરવું 2. વગાડવું, વાવું	बंद करना बजाना	to close, to shut to play on (a wind instrument), to blow
			3. વસે એમ કરવું, વસાવવું	बसाना, आबाद करना	to make fit for dwelling, to rehabilitate
		अ॰ क्रि॰	વાસવાળું થવું, મહેકવું	महकना, बासना सुगंधमय हो जाना	to be fragrant, to send forth fragrance
વાસા	वासा	स्त्री॰	વસાકા, અરડૂસી	अड़ूसा, वासा	kind of medicinal plant
વાસી	वासी	वि॰	આગલા દિવસનું, વધારે વખત રહેવાથી બગડી ગયેલું	पिछले दिन का रखा हुआ या रात का बचा हुआ या दूसरे जून का बचा हुआ (खाना, फल, पानी आदि), बिगड़ा हुआ	stale
વાસીદું	वासीदुं	न॰	ઢોરનું છાણ, મૂતર વગેરે કચરો-પૂંજો	मवेशियों का गोबर-मूत्र आदि, कूड़ा	sweepings of cow-dung etc., sweepings
વાસીવિકાર	वासीविकार	पुं॰	(સગર્ભાને સવારે થતી) ઊલટી	सगर्भा स्त्री को सुबह होने वाली उलटी	vomit in the morning by a pregnant woman

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાસુ, વાસુપિયો, વાસુપી	वासु, वासुपियो, वासुपी	પું॰	ખેતરમાં રાતવાસો રહી ચોકી કરનાર	खेत का रात्रि का चौकीदार	night watchman in a field
વાસુવિયું	वासुवियुं	વિ॰	વાસુદેવ રૂપે કે નામે ભગવાનને ભજનારું	वासुदेव रूप में, या वासुदेव नाम से ईश्वर को भजने वाला	a devotee of God who worships Him in the form or in the name of Vasudev
વાસેલ	वासेल	વિ॰	પડતર રાખેલું (ખેતર)	खेत जिस में फसल न होती हो	barren field
વાસો	वासो	પું॰	1. વાસ કરવો તે 2. મુકામ 3. દહાડો (ખાસ કરીને પ્રસવ થયાનો)	बसेरा करना, टिकना मुक़ाम, बसेरा दिन (ख़ास करके प्रसव आदि का)	lodging, staying halt, camp day (especially of childbirth)
વાસોતી, વાસોપી	वासोती, वासोपी	પું॰	વાસુ, ચોકી કરવા ખેતરમાં રાતવાસો રહેનાર	अगोरिया, खेत का रात्रि का चौकीदार	night-watchman on the farm
વાસ્તવ	वास्तव	ન॰	1. જુઓ 'વાસ્તવિકતા' 2. ઔચિત્ય	सच्ची हक़ीक़त, वास्तविकता औचित्य	reality propriety
વાસ્તુ	वास्तु	ન॰	1. ઘર બાંધવાની જગા 2. ઘર 3. વાસ્તુપૂજન	मकान बनाने का स्थान, वास्तु मकान, गृह वास्तुपूजा	place for building a house house ceremony to bless a newly built house
વાસ્તુપૂજા	वास्तुपूजा	સ્ત્રી॰	ઘરમાં રહેવા જતાં પહેલાં કરાતી પૂજા	वास्तुपूजा	see 'વાસ્તુ' 3

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાસ્તુવિદ્યા	वास्तुविद्या	સ્ત્રી॰	મકાન બાંધવાની વિદ્યા, સ્થાપત્ય	वास्तुशास्त्र	science of building house, architecture
વાસ્તે	वास्ते	અ॰	કાજે, અર્થે	वास्ते, लिए, हेतु	for, for the sake of
વાહ	वाह	અ॰	કેવું સારું! 'શાબાશ'! એવો પ્રસંશાનો કે આશ્ચર્યનો ઉદ્‌ગાર	वाह ! साधु ! शाबाश !	'well-done'! an exclamation to this effect
વાહન	वाहन	ન॰	1. જમીન પર આવજા માટે વપરાતું સાધન (ગાડી, પશુ ઇ.)	वाहन, सवारी (गाड़ी, पशु आदि)	vehicle, conveyance (carriage, animal etc.)
			2. વિચાર, લાગણી કે કાર્ય પ્રગટ કરવા માટે વપરાતું સાધન, માધ્યમ	विचार, भाव या कार्य-विशेष को प्रकट करने वाली वस्तु, माध्यम, साधन	medium of expression
વાહનખરચ, વાહનખર્ચ	वाहनखरच, वाहनखर्च	ન॰	વાહનનું ખર્ચ	वाहनखर्च	transport charges, allowance for transport
વાહનભથ્થું	वाहनभथ्थुं	ન॰	વાહન પેટે અપાતું ભથ્થું	वाहनभत्ता	transport allowance
વાહનવ્યવહાર	वाहनव्यवहार	પું॰	વાહનનો અવરજવર, ઉતારુ માલ ઇ. લાવવાં લઈ જવાં તે	परिवहन	transport
વાહવાહ	वाहवाह	સ્ત્રી॰	1. કીર્તિ	कीर्ति, वाहवाही	fame, good name
			2. જુઓ 'વાહ'	देखिए 'वाह'	see 'વાહ'
વાહિયાત	वाहियात	વિ॰	1. વ્યર્થ, નકામું	बेहूदा, वाहियात	futile, useless

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. ખરાબ, હલકું	ख़राब, वाहियात, नीच	bad, mean
વાળ	वाळ	पुं॰	કેશ	बाल, केश	hair
વાળછો	वाळछो	पुं॰	વાળ (તુચ્છકારમાં)	बाल	hair
વાળવું	वाळवुं	स॰ क्रि॰	1 વાંકું કરવું, નમાવવું	टेढा करना, झुकाना	to bend, to fold
			2. વાળીને આકાર કરવો કે ગોઠવવું (જેમ કે, લાડુ, અંબોડો)	आकार देना, बाँधना (लड्डू आदि को), बनाना (बीडी), मारना (पालथी), बाँधना (जूड़ा)	to give shape or to arrange
			3. પાછું ફેરવવું દેવું, ઉપકાર)	(ऋण) अदा करना, (गाड़ी) मोड़ना, फिराना, घुमाना, (जवाब, मूठ) लौटाना, वापस करना, (मन) मनाना, (उपकार, बदला) फेरना	to return, give back, to turn back
			4. કચરો કાઢવો (ઘર)	झाड़ना, बुहारना	to sweep
			5. ઉપર છાપરવું, ઢાંકવું (ધૂળ, છેડો)	ढकना, आच्छादन करना, लगाना	to cover
			6. પાણી જવાનો રસ્તો કરવો જેથી અમુક ઠેકાણે ન જતાં અમુક ઠેકાણે પહોંચે (ખેતરમાં પાણી)	पानी के लिए रास्ता बनाना, पानी बहाना (सिंचाई में)	to construct passage for water
			7. આવેલી ક્રિયા કે પ્રસંગ પૂરા કરવા (વરસી)	अनिवार्य क्रिया या अवसर पूरा करना (बरसी)	to meet the obligation of performing certain rites
વાળંદ	वाळंद	पुं॰	હજામ, નાપી	नाई	barber

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાળંદણ વાળંદાણી	वाळंदण, वाळंदाणी	સ્ત્રી॰	વાળંદની સ્ત્રી	नाइन	barber's wife (or woman)
વાળી	वाळी	સ્ત્રી॰	1 (સ્ત્રીઓનું) નાકનું ઘરેણું-નથ	नथ	nose-ring
			2 કડી	बाली (कान की)	ear-ring
વાળુ	वाळु	સ્ત્રી॰ ન॰	વેળુ, રેતી, કાંકરી રાત્રિ-ભોજન	रेत, बालू रात्रिभोज	sand, grit supper
વાળુપાણી	वाळुपाणी	ન॰	રાતનું વાળુ	रात्रिभोज	supper, evening meal
વાળું	वाळुं	વિ॰	(નામને અંતે) —'ના સંબંધનું', —'ની માલિકીનું', —'ના ધંધાનું' વગેરે અર્થમાં	-वाला, -युक्त, -संबंधी	'related to', 'of', 'of the profession of' etc. when coming at the end of a word
વાળો	वाळो	પું॰	1 ધાતુનો લાંબો તાર	धातु का लम्बा तार, तार	wire
			2 એક રોગ	एक रोग	guinea worm
વાંક	वांक	પું॰	1 અપરાધ, ખામી, દોષ	अपराध, त्रुटि, दोष	offence, fault, defect
			2 વક્રતા, રાંટ	बाँक, वक्रता	crookedness
			3 સ્ત્રીઓનું હાથનું એક ઘરેણું	स्त्रियों का एक गहना	an ornament for arms worn by women
વાંકગુનો	वांकगुनो	પું॰	ભૂલચૂક	भूलचूक	mistake, fault
વાંકડો	वांकडो	પું॰	વરને આપવાની પરઠણ	दहेज, दायजा	dowry given to bridegroom
વાંકાબોલું	वांकाबोलुं	વિ॰	વાંકું કે આડું બોલનારું, બોલીને ફરી જનારું	मुकर जाने वाला	one given to going back on one's word

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાંકું	वांकुं	वि॰	1. વક્ર, સીધું નહીં એવું, ટેડું	वक्र, टेढ़ा, झुका हुआ	bent, crooked, not straight
			2. સરળ નહીં એવું, કુટિલ	(लो॰) जो सरल न हो, कुटिल, चालबाज़	not simple, cunning
			3. અવળું, ખોટું, ઊંધું	आड़ा, झूठा, उलटा	perverse, false, improper
			4. વિરુદ્ધ, સામે થયેલું	विरुद्ध, विरोधी	opposed, hostile
		न॰	1. વાંધો, ગેરસમજ, અણબનાવ	हर्ज, अनबन, गलतफ़हमी, विरोध	objection, misunderstanding
			2. વાંકું તે, વક્રતા	वक्रता, टेढ़ापन	crookedness
વાંકુંચૂંકું	वांकुंचूंकुं	वि॰	વાંકું, આડુંઅવળું	टेढ़ा-मेढ़ा	zigzag, uneven
વાંકુંટૈડ	वांकुंटैड	वि॰	સાવુવાંકું	निरा टेढ़ा	quite twisted
વાંઘું	वांघुं	न॰	કોતર	नाला	ravine
વાંચવું	वांचवुं	स॰ क्रि॰	1. લખેલું મનમાં કે મોટેથી ઉકેલવું	पढ़ना	to read
			2. ભાખવું	(लो॰) भविष्य कहना, ज्योतिष का फल बताना	to perceive
			3. ઇચ્છવું	चाह करना, इच्छा करना	to wish, to desire
વાંછના	वांछना	स्त्री॰	ઇચ્છા	इच्छा, वांछा	desire
વાંછનીય	वांछनीय	वि॰	ઇચ્છવા યોગ્ય	वांछनीय	desirable
વાંછવું	वांछवुं	स॰ क्रि॰	ઇચ્છવું	चाहना, इच्छा करना	to wish, to desire
વાંછા	वांछा	स्त्री॰	ઇચ્છા	इच्छा, वांछा	desire
વાંછુ	वांछु	वि॰	ઇચ્છતું, વાંછનાર	चाहने वाला	desirous, aspiring
વાંઝ, વાંઝણી	वांझ, वांझणी	स्त्री॰	સંતતિ ન થતી હોય તેવી સ્ત્રી, વંધ્યા	वंध्या, बाँझ स्त्री	barren woman, childless woman

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
વાંઝણું	वांझणुं	वि॰	જુઓ 'વાંઝિયું'	देखिए 'वांझियुं'	see 'वांझियुं'
વાંઝિયાબારું	वांझियाबारुं	वि॰	વાંઝિયાનું, બિનવારસી	बाँझ का, लावारिस	of, belonging to barren persons
		न॰	એકનો એક છોકરો	इकलौता बेटा	an only son
વાંઝિયું	वांझियुं	वि॰	1. સંતતિ ન થતી હોય તેવું	बाँझ	barren, childless
			2. ફળ કે લાભ ન થતો હોય તેવું	अफल	fruitless
વાંટણી	वांटणी	स्त्री॰	વહેંચણી	बटाई, बाँटना	distribution
વાંટવું	वांटवुं	स॰ क्रि॰	વાટવું, વહેંચવું	बाँटना	to distribute
વાંટો	वांटो	पुं॰	1. વાંટ	हिस्सा, भाग	share, portion
			2. ગરાસ કે નરવાની જમીનનો ટુકડો	इनाम या निर्वाह की ज़मीन का टुकड़ा	land held in free
વાંઢો	वांढो	वि॰	કન્યા ન મળવાથી કુંવારો રહેલો	अनब्याहा, कुँवारा	unmarried
વાંદર	वांदर	पुं॰	વાંદરું	वानर, बन्दर	monkey
વાંદરવેડા	वांदरवेडा	पुं॰	વાંદરા જેવી ચેષ્ટાઓ કરવી તે	वानरों की-सी चेष्टाएं	monkey-tricks
વાંદરાટોપી	वांदराटोपी	स्त्री॰	કાનટોપી	कनटोप	cap covering the head down to the ears
શિક્ષણશાસ્ત્રી	शिक्षणशास्त्री	पुं॰	શિક્ષણશાસ્ત્ર જાણનાર	शिक्षाशास्त्री, शिक्षा वैज्ञानिक	pedagogue, educationist
શિક્ષા	शिक्षा	स्त्री॰	1. જ્ઞાન, બોધ, શિખામણ	शिक्षा, सीख, बोध	knowledge, instruction, advice
			2. સજા	सज़ा, दंड	punishment
શિખર	शिखर	न॰	1. પર્વતની ટોચ	पहाड़ की चोटी, शिखर	peak, summit
			2. મથાળું, ટોચ	किसी भी वस्तु का सिरा, चोटी, नोक आदि	top
શિખવણ	शिखवण	न॰	શિખવવું તે	सिखाना	teaching
શિખવણી	शिखवणी	स्त्री॰	ભંભેરણી, છાની શિખામણ	बहकाने वाली सीख, पट्टी (पढ़ाना)	insinuation, tutoring
શિખવાડવું	शिखवाडवुं	अ॰ क्रि॰	1. જુઓ 'શીખવવું' 2. ભંભેરવું, ઉશ્કેરવું	देखिए 'शीखववुं' कान भरना, पट्टी पढ़ाना	see 'शीखववुं' to insinuate
શિખંડ	शिखंड	पुं॰	દહીં, ખાંડની બનાવાતી એક મીઠી વાની, શ્રીખંડ	श्रीखंड (खाद्य पदार्थ)	sweet dish made of curds and sugar
શિખા	शिखा	स्त्री॰	1. ચોટલી	चोटी, शिखा, चुटिया	pigtail

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. છોગું	तुर्रा, शमला	tuft of hair on head
			3. જોત	लौ, शिखा	flame
શિખાઉ	शिखाउ	वि॰	1. શીખતું	नौसिखुआ	working as apprentice
			2. બિનઅનુભવી	बेतजरबेकार, बिना अनुभव का	inexperienced
શિખામણ	शिखामण	स्त्री	બોધ, શિક્ષા, સલાહ	सीख, उपदेश, शिक्षा	advice, good counsel
શિખાવું	शिखावुं	अ॰ क्रि॰	'શીખવું' નું કર્મણિ	'शीखवुं' का कर्मणि रूप	to be learnt
શિગરામ	शिगराम	न॰	સિગરામ, એક વાહન	एक सवारी	kind of vehicle
શિથિલ	शिथिल	वि॰	1. નરમ, ઢીલું પડી ગયેલું	ढीला, सुस्त, शिथिल	loose, languid
			2. નિર્બળ	निर्बल	weak
			3. થાકેલું	थका हुआ	tired
શિફારસ	शिफारस	स्त्री॰	જુઓ 'સિફારસ'	देखिए 'सिफ़ारस'	see 'सिफ़ारस'
શિબિર	शिबिर	पुं॰	1. તંબૂ	तंबू	tent
			2. છાવણી	शिविर, सेना-निवेश, छावनी	camp
શિયળ	शियळ	न॰	સતીત્વ, સ્ત્રીનું પાવિત્ર્ય	सतीत्व, शील	chastity of woman
શિયાવિયા	शियाविया	वि॰	1. ગભરાયેલું, બાવરું	घबड़ाया हुआ, हक्का-बक्का	confused, bewildered
			2. ભોંઠું પડી ગયેલું	झेंपा हुआ, खिसियाना	dismayed
શિયાળ, શિયાળવું, શિયાળિયું	शियाळ, शियाळवुं, शियाळियुं	पुं॰, स्त्री॰ न॰ न॰	કૂતરાના વર્ગનું એક પ્રાણી	सियार, गीदड़	fox

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શિયાળુ	शियाळु	वि॰	શિયાળામાં થતું	जाड़े में होने वाला	wintry, occurring in winter
શિયાળો	शियाळो	पुं॰	કાર્તિકથી માઘ મહિના સુધીનો ટાઢનું ઋતુ	सर्दी का मौसम, जाड़ा	winter
શિર	शिर	न॰	1. માથું 2. ટોચ, મથાળું	शिर, सिर, मस्तक चोटी, नोक, सिरा	head peak, top
શિરચ્છત્ર	शिरच्छत्र	वि॰	માથાના છત્રરૂપ	छत्र	protection for head
શિરજોર	शिरजोर	वि॰	1. માથાફરેલ	सरकश, उद्दंड	headstrong
			2. જબરું, શિરજોરીવાળું	शक्तिशाली, जबरदस्त	domineering
શિરજોરી	शिरजोरी	स्त्री॰	જોરાવરી, જબરદસ્તી	सरज़ोरी, जबरदस्ती	coercion, refractoriness
શિરપેચ	शिरपेच	पुं॰	પાઘડી કે ફેંટા પરનું છોગું, કલગી, તોરો	सिरपेच, चिल्ला	crest of turban
શિરસ્તેદાર	शिरस्तेदार	पुं॰	અમલદારનો મુખ્ય કારકુન	सरिश्तेदार, मुख्य लिपिक	head clerk
શિરસ્તો	शिरस्तो	पुं॰	ધારો, પ્રથા, રિવાજ	प्रणाली, रिवाज	convention, practice
શિરાઈ	शिराई	स्त्री॰	ઊભા મોંનું પાણીનું એક વાસણ	सुराही	earthen vessel for water with vertical mouth
શિરામણ, શિરામણી	शिरामण, शिरामणी	न॰, स्त्री॰	નાસ્તો	नाश्ता	snacks, breakfast
શિરાવવું	शिराववुं	स॰ क्रि॰	નાસ્તો કરવો	नाश्ता करना	to take one's breakfast
શિરોઈ	शिरोई	स्त्री॰	જુઓ 'શિરાઈ'	सुराही	see 'शिराई'

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શિરોમણિ	शिरोमणि	पु॰	૧. ચૂડામણિ	चूड़ामणि	jewel on the crest
			૨. મુખ્ય, શ્રેષ્ઠ નાયક	श्रेष्ठ पुरुष, मुखिया	chief, leader
શિલા	शिला	स्त्री॰	પથ્થરની છાટ	पत्थर की पटिया	slab of stone
શિલાજિત	शिलाजित	न॰	ડુંગરનો રસ મનાતી એક પૌષ્ટિક ઔષધિ	शिलाजित, सलाजित	bitumen, kind of tonic herb
શિલારોપણ	शिलारोपण	न॰	મકાન બાંધવામાં પ્રથમ તેનો પાયાનો પથ્થર મૂકવો તે–તેનો વિધિ	शिलान्यास	laying of foundation stone
શિલાલેખ	शिलालेख	पुं॰	પથ્થર ઉપર કોતરેલો લેખ	शिलालेख, शिलालिपि	stone - inscription
શિલ્પ	शिल्प	न॰	૧. કારીગરી, કળા	कारीगरी, कला	handicraft, sculpture
			૨. બાંધકામની કળા	भवननिर्माण कला, स्थापत्य	architecture
શિલ્પકાર	शिल्पकार	पुं॰	૧. કારીગર ૨. બાંધકામમાં પ્રવીણ માણસ	कारीगर, शिल्पी वस्तुनिर्माण में प्रवीण	sculptor, artisan architect
શિલ્પવિદ્યા	शिल्पविद्या	स्त्री॰	શિલ્પશાસ્ત્ર	शिल्पशास्त्र	science of sculpture
શિલ્પશાળા	शिल्पशाला	स्त्री॰	શિલ્પ શીખવાની શાળા, કળાભવન	शिल्पशाला, शिल्पगृह	school for the teaching of sculpture etc.
શિલ્પશાસ્ત્ર	शिल्पशास्त्र	न॰	શિલ્પનું શાસ્ત્ર	शिल्पविद्या	science of sculpture or similar art
શિલ્પી	शिल्पी	वि॰ पुं॰	શિલ્પને લગતું ૧. શિલ્પશાસ્ત્રી	शिल्प-संबंधी शिल्पशास्त्री, स्थापत्यकार	about sculpture architect, sculptor

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. કારીગર	कारीगर, शिल्पी	artisan
શિવ	शिव	वि॰	શુભ, કલ્યાણકારી	मंगलकारी, शुभ, शिव	bringing happiness, inducing well-being
		पुं॰	શંકર, મહાદેવ	महादेव, शिव	*Shiva*
		पुं॰, न॰	કલ્યાણ	कल्याण, मंगल, शिव	well-being
શિવજી	शिवजी	पुं॰	(માનાર્થક) શિવ, મહાદેવ	महादेव, शिव	Shiva
શિવરાત, શિવરાત્રિ, શિવરાત્રી	शिवरात, शिवरात्रि, शिवरात्री	स्त्री॰	માઘ વદિ ૧૪ ની રાત	शिवरात्रि	night of 14th day of the dark half of Magha sacred to Shiva
શિવા	शिवा	स्त्री॰	1. પાર્વતી 2. શિયાળ 3. એક ઝાડ	पार्वती, शिवा स्यारिन एक पेड़	Parvati she-fox kind of tree
શિવાલય	शिवालय	न॰	શિવનું મંદિર	शिव का मंदिर	temple of *Shiva*
શિશૂડી	शिशूडी	स्त्री॰	નાનો શિશૂડો	छोटी सीटी	small whistle
શિશૂડો	शिशूडो	पुं॰	પીસવો, સિસોટી	सीटी	whistle
શિષ્ટ	शिष्ट	वि॰	1. વિદ્વાન, સુશિક્ષિત	सभ्य, सुशिक्षित	learned, refined, cultured
			2. સંભવિત	संभाव्य	probable
શિષ્ટાચાર	शिष्टाचार	पुं॰	1. શિષ્ટોમાં ચાલતો આવેલો વ્યવહાર, શિષ્ટોનો આચાર	शिष्टाचार	good manners
			2. સભ્ય રીતભાત	शिष्ट व्यवहार या आचार	respectable conduct
			3. આદરસત્કાર	आवभगत	reception

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			4. સભ્યતા દેખાડવા ખાતર કરવાનો આચાર	औपचारिकता, शिष्टाचार	formality
શિષ્ય	शिष्य	पुं॰	ચેલો, વિદ્યાર્થી	शिष्य, विद्यार्थी या छात्र, चेला	disciple, pupil
શિષ્યવૃત્તિ	शिष्यवृत्ति	स्त्री॰	શિષ્યને તેના ખર્ચ પેટે મળતી (નાણાંની) મદદ	छात्रवृति, वज़ीफ़ा	scholarship
શિસ્ત	शिस्त	वि॰	લાયક	लायक, योग्य	qualified
		स्त्री॰	નિયમબદ્ધ વર્તન, 'ડિસિપ્લિન'	अनुशासन	discipline
શિસ્તપાલન	शिस्तपालन	न॰	શિસ્ત પાળવી-શિસ્તમાં રહેવું તે	अनुशासन में रहना	obedience, discipline
શિસ્તબદ્ધ	शिस्तबद्ध	वि॰	શિસ્તવાળું, શિસ્તપૂર્વક	नियमबद्ध	disciplined
શિંગ	शिंग	स्त्री॰	કઠોળની કે તેના જેવી બીવાળી પાપડી	फली, शिंबी	pod
		न॰	જુઓ 'શિંગડું'	देखिए 'शिंगडुं'	see 'शिंगडुं'
શિંગડી	शिंगडी	स्त्री॰	1. નાનું શિંગડું 2. બંદૂકનો દારૂ ભરવાની શિંગડા ઘાટની નળી	छोटा सींग सींगड़ा	small horn horn-shaped case or tube for holding gun-powder
શિંગડું	शिंगडुं	न॰	1. પશુના માથા ઉપરનો અવયવ	सींग	horn
			2. એવા આકારનું એક વાદ્ય, રણશિંગડું	सींगनुमा बाजा, सींग, सींगी	horn, bugle
શિંગાળ	शिंगाळ	वि॰	શિંગડાંવાળું	सींगवाला	horned
શિંગોટી	शिंगोटी	स्त्री॰	1. શિંગડાનો વાંક	सींग का मोड़	curved shape or curve of animal's horn
			2. નાનું શિંગડું	छोटा सींग	small horn

ગુજરાતી શબ્દ	દેવનાગરી લિપ્યંતરણ	વ્યા· કો·	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			3. જે ઠેકાણેથી શિંગડાં ફૂટે છે તે ભાગ	वह भाग जहाँ से सींग फूटते हैं	root or base of horns
			4. એક ઓપવાનું ઓજાર	सिंघाड़ा	an instrument for polishing
			5. એક ઘરેણું	एक गहना	kind of ornament
			6. શિંગડાં પર લેવાતો એક કર	सींगों पर का कर	tax levied on horns
શિંગોડી	शिंगोडी	સ્ત્રી·	જેને શિંગોડાં થાય છે તે વેલો	सिंघाड़े की बेल, जलवल्ली	kind of plant
શિંગોડું	'शिंगोडुं	ન·	પાણીમાં થતી એક વેલનું ફળ	सिंघाड़ा, जलफल	kind of fruit
શીકલી, શીકી	शीकली, शीकी	સ્ત્રી·	શીકલી, બળદને મોઢે બંધાતી જાળી	मोहरा, छीका	muzzle, net tied over the mouth of bullock
શીકું	शीकुं	ન·	(ખાદ્ય મૂકવાનો) અધ્ધર લટકાવાય એવો ઝોળી જેવો ઘાટ, શીંકું	छीका, सीका	a suspended basket to put food etc.
શીકે	शीके	અ·	સુધ્ધાં	सहित, साथ	even, also
શીખ	शीख	સ્ત્રી·	1. શિખામણ	सीख, उपदेश	advice
			2. વિદાયગીરી કે તે વેળા અપાતી ભેટ	बिदा करते समय दी जानेवाली भेंट आदि, बिदाई	gift given at the time of parting
			3. અણીદાર પોલો લોઢાનો સળિયો (થેલામાંથી અનાજ કાઢવા માટેનો)	लोहे की नोकदार आधी खोखली सलाख़, सीख (बोरे से अनाज निकालने की)	hollow pointed iron bar used to draw out grain from bag

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
		पुं॰	ગુરુ નાનક સંપ્રદાયનો અનુયાયી	सिख संप्रदाय का अनुयायी, सिख	a follower of *Sikh* sect founded by Guru Nanak
શીખવવું	शीखववुं	स॰ क्रि॰	1. ભણાવવું 2. (લા.) ભંભેરવું, ઉશ્કેરવું	सिखाना, पढ़ाना कान भरना, पट्टी पढ़ाना	to teach to insinuate, to instigate
શીખવું	शीखवुं	स॰ क्रि॰	ભણવું, જ્ઞાન મેળવવું	सीखना, पढ़ना, ज्ञान प्राप्त करना	to learn
શીડવું	शीडवुं	स॰ क्रि॰	1. સીડવું, ઢાંકવું, ઝાટ વગેરે) પૂરવું, પૂરીને બંધ કરવું	बंद करना, पाटकर बंद करना	to fill up, to plug
			2. બીડવું	बंद करना (लिफ़ाफ़ा)	to seal
			3. (દેવું) વાળવું	(कर्ज़) चुकाना	to repay (debt)
શીતકટિબંધ	शीतकटिबंध	पुं॰	(ભૌ॰) ધ્રુવ આસપાસનો શીતળ કટિબંધ	शीतकटिबंध	the frigid zone
શીતકાલ, શીતકાળ	शीतकाल, शीतकाळ	पुं॰	શિયાળો	जाड़े का मौसम, शीतकाल	winter
શીતજ્વર	शीतज्वर	पुं॰	ટાઢિયો તાવ	जूड़ी का बुखार	type of fever
શીતલ	शीतल	वि॰	ઠંડું	शीतल, ठंडा, सर्द	cool, cold
શીતલા	शीतला	स्त्री॰	1. બળિયા 2. બળિયાના રોગની દેવી	शीतला, चेचक	smallpox goddess presiding over this disease (see 1.)
		स्त्री॰, वि॰	શીતલ	शीतल	cool
શીતળ	शीतळ	वि॰	જુઓ 'શીતલ'	ठंडा, शीतल	cold, cool
શીતળતા	शीतळता	स्त्री॰	જુઓ 'શીતલતા'	शीतलता, ठंडापन	see 'शीतलता'

ગુંજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શીતળા	शीतळा	स्त्री॰	જુઓ 'શીતલા'	देखिए 'शीतला'	see 'शीतला'
શીદ, શીદને	शीद, शीदने	अ॰	શા માટે, શું કામ?	क्यों, किस लिए	why? what for?
શીદી, શીધી	शीदी, शीधी	पुं॰	સીદી, હબસી, આફ્રિકાનો મૂળ વતની	हबशी	negro
શીદણ	शीदण	स्त्री॰	શીદી સ્ત્રી	हबशी स्त्री, हबशिन	negress
શીધું	शीधुं	न॰	રસોઈની કાચી સામગ્રી, સીધું	सीधा (सामग्री), कच्ची भोजन सामग्री	uncooked articles of food taken out for cooking or given to a Brahmin
શીમળ, શીમળો	शीमळ, शीमळो	पुं॰	એક ઝાડ	सेमल (पेड़)	kind of tree
શીરું	शीरुं	न॰	શીરા જેવો રગડો, ખીરું	घोल	semi-liquid mixture
શીરો	शीरो	पुं॰	એક મીઠી વાની	हलवा, हलुआ	a sweet dish
શીર્ષ	शीर्ष	न॰	શીશ, માથું, મસ્તક	सिर, मस्तक, माथा	head
શીર્ષક	शीर्षक	न॰	1. માથું	सिर, मस्तक, शीर्ष	head
			2. ખોપરી	खोपड़ी	skull
			3. માથાનો ટોપ	शिरस्त्राण, टोप	helmet
			4. મથાળું (લખાણનું)	शीर्षक, हेडिंग (लिखावट)	title of article
શીલ	शील	न॰	1. સ્વભાવ	शील, स्वभाव	nature
			2. વર્તણૂક	व्यवहार, चालचलन, शील	conduct
			3. ચારિત્ર્ય	चरित्र, चारित्र्य, शील	character

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			4. શિયળ	स्त्री की पवित्रता, सतीत्व, शील	virtue (of woman)
		वि॰	(સમાસને અંતે) - ના સ્વભાવવાળું - ની ટેવવાળું એવા અર્થમાં ઉદા. દાનશીલ	गुणसूचक, शील (समास के अंत में)	word forming compound with the sense of 'having the quality of' e.g. દાનશીલ
શીલવંત, શીલવંતું, શીલવાન	शीलवंत, शीलवंतुं, शीलवान	वि॰	શીલવાળું	शीलवान	having a good character
શીશ	शीश	न॰	માથું	सिर, मस्तक, माथा	head
શીશાગર	शीशगर	पुं॰	કાચ બનાવનાર કારીગર	शीशागर	glass-maker
શીશમ	शीशम	न॰	સીસમ	सीसम (पेड़)	kind of tree
શીશમહેલ	शीशमहेल	पुं॰	દીવાલો પર કાચ જડ્યા હોય એવી ઓરડી કે મકાન	शीशमहल	palace of mirrors
શીશી	शीशी	स्त्री॰	કાચનું દવા છે. ભરવા વપરાતું) એક પાત્ર, બાટલી	शीशी, बोतल	bottle
શીશો	शीशो	पुं॰	મોટી શીશી	बड़ी बोतल	big bottle
શીળ	शीळ	न॰	જુઓ 'શીલ'	देखिए 'शील'	see 'शील'
શીળવંત, શીળવંતું, શીળવાન	शीळवंत, शीळवंतुं, शीळवान	वि॰	જુઓ 'શીલવંત'	देखिए 'शीलवंत'	see 'शीलवंत'
શીળવા, શીળસ, શીળી	शीळवा, शीळस, शीळी	पुं॰, न॰, स्त्री॰	ઓચિંતા ઢીમણાં થઈ આવવાનો એક રોગ	शीतपित्त, जुड़ापित्ती	kind of skin-disease
શીળું	शीळुं	वि॰	ઠંડું	शीतल, ठंडा	cold

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શીળો	शीळो	पुं॰	છાંયો	छाँह, छाया	shade
શીંકું	शींकुं	न॰	જુઓ 'શીકું'	देखिए 'शीकुं'	see 'शीकुं'
શીંગ	शींग	न॰	જુઓ 'શિંગ'	देखिए 'शिंग'	see 'शिंग'
શીંગડી	शींगडी	स्त्री॰	જુઓ 'શિંગડી'	देखिए 'शिंगडी'	see 'शिंगडी'
શીંગડું	शींगडुं	न॰	જુઓ 'શિંગડું'	देखिए 'शिंगडुं'	see 'शिंगडुं'
શીંગોટી	शींगोटी	स्त्री॰	જુઓ 'શિંગોટી'	देखिए 'शिंगोटी'	see 'शिंगोटी'
શીંગોડી	शींगोडी	स्त्री॰	જુઓ 'શિંગોડી'	देखिए 'शिंगोडी'	see 'शिंगोडी'
શીંગોડું	शींगोडुं	न॰	જુઓ 'શિંગોડું'	देखिए 'शिंगोडुं'	see 'शिंगोडुं'
શુકન	शुकन	न॰	1. જુઓ 'શકુન' 2. સારા-શુભ શકુન	शकुन, सगुन, शगुन अच्छे सगुन	see 'शकुन' good omen
શુકનિયાળ	शुकनियाळ	वि॰	શકુનવાળું	सगुनवाला	of good omen
શુકર	शुकर	पुं॰	1. આભાર, ઉપકાર 2. સુભાગ્ય 3. ફતેહ	शुक्रिया, आभार सौभाग्य, खुशकिस्मती फ़तह	thanks good luck success
શુકલ	शुकल	पुं॰	જુઓ 'શુક્લ'	देखिए 'शुक्ल'	see 'शुक्ल'
શુક્કરવાર	शुक्करवार	पुं॰	જુઓ 'શુક્રવાર'	देखिए 'शुक्रवार'	see 'शुक्रवार'
શુક્કરવારી	शुक्करवारी	स्त्री॰	શુક્રવારે ભરાતું બજાર - ગુજરી	पीठ, हाट	weekly market held on Friday
શુક્ર	शुक्र	पुं॰ न॰	1. એ નામનો ગ્રહ 2. શુક્રવાર વીર્ય	शुक्र (ग्रह) शुक्रवार वीर्य, शुक्र	planet Venus Friday semen
શુક્રવાર	शुक्रवार	पुं॰	1. અઠવાડિયાનો એક દિવસ 2. (લા.) ભલીવાર, ઢંગ	शुक्रवार बरकत, माल	Friday gain, good result

गुंजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શુક્લ	शुक्ल	वि॰	સફેદ, ધોળું	सफ़ेद, श्वेत, शुक्ल	white
		पुं॰	1. બ્રાહ્મણનો પુરોહિત	ब्राह्मणों का पुरोहित	priest
			2. એક બ્રાહ્મણ અટક	ब्राह्मणों की एक अल्ल	a surname among brahmins
શુક્લપક્ષ	शुक्लपक्ष	पुं॰, न॰	સુદ પક્ષ, અજવાળિયું	सुदी, शुक्लपक्ष	bright half of the month
શુચિ	शुचि	वि॰	શુદ્ધ, પવિત્ર	शुद्ध, पवित्र	holy, pure
		स्त्री॰	શુદ્ધતા, શુચિતા	पवित्रता, सफ़ाई, शुचिता	purity, holiness
શુદ્ધ	शुद्ध	वि॰	1. ચોખ્ખું, સ્વચ્છ	शुद्ध, साफ़, निर्मल	clean
			2. પવિત્ર	शुद्ध, पवित्र	holy
			3. દોષરહિત	निर्दोष, शुद्ध	faultless
			4. ભેળસેળ વિનાનું	ख़ालिस, असली, बिना मिलावट का	unadulterated
		स्त्री॰	શુદ્ધિ, સૂધ, ભાન, ખબર	होश, सुध-बुध	awareness, consciousness, knowledge
શુદ્ધિ	शुद्धि	स्त्री॰	1. પવિત્રતા, શુદ્ધતા, સ્વચ્છતા	पवित्रता, सफ़ाई, शुद्धि	purity
			2. પ્રાયશ્ચિત કરી પવિત્ર થવું તે	प्रायश्चित कर पवित्र होना	purification by atonement or expiation
			3. ધર્માંતર કરેલાને ધાર્મિક ક્રિયા કરી મૂળ ધર્મમાં પાછું આણવું કે તેણે આવવું તે	धर्म परिवर्तन करने वालों को शुद्ध करने का संस्कार	conversion back into the fold
			4. ભાન, જાગૃતિ	सुध, चेत, होश	consciousness, awareness
શુદ્ધિપત્ર, શુદ્ધિપત્રક	शुद्धिपत्र, शुद्धिपत्रक	न॰	છાપની ભૂલોના સુધારાની યાદી	शुद्धिपत्र	erratum

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શુભ	शुभ	वि॰	મંગળપ્રદ, કલ્યાણકારી	मंगलप्रद, कल्याणकारी	auspicious, of good omen
		न॰	ભલું, કલ્યાણ	मंगल, कल्याण	good, well-being
શુભેચ્છક, શુભેચ્છુ	शुभेच्छक, शुभेच्छु	वि॰	શુભ ઇચ્છનારું, હિતેચ્છુ	शुभाकांक्षी, हितेच्छु	well-wisher
શુભેચ્છા	शुभेच्छा	स्त्री॰	શુભ થાઓ એવી ઇચ્છા	शुभेच्छा	good wishes
શુમાર	शुमार	पु॰	1. સુમાર, આશરો, અડસટ્ટો	अनुमान, अंदाज़ा	rough estimate
			2. હિસાબ, ગણતરી	गिनती, शुमार	calculation
શુમારે	शुमारे	अ॰	આશરે, અંદાજથી, અડસટ્ટે	अनुमान से, अंदाज़न	approximately
શુષ્ક	शुष्क	वि॰	સૂકું, રસ વગરનું, લૂખું	सूखा, अनार्द्र, रसहीन, रूखा	dry, sapless, insipid
શું	शुं	अ॰	વસ્તુવાચક પ્રશ્નાર્થ સર્વનામ	क्या	what, which
		वि॰	1. કયું, કઈ જાતનું એ અર્થમાં સવાલ પૂછતાં વપરાય છે	कौन सा, क्या	what?-which? (in the sense of 'of which kind' etc.)
			2. કેટલાક પ્રયોગોમાં 'કઈ' 'શુંય' અર્થ થાય છે	कुछ, क्या	'some' (in certain contexts)
			3. સાથે, સહિત	से, के साथ	with
શુંય	शुंय	वि॰	શું, કંઈ (અનિશ્ચિતાર્થક)	कुछ, क्या	what (to indicate indefiniteness)
શૂઢમૂઢ	शूढमूढ	वि॰	સાવ મૂઢ જેવું, ગભરાટથી શૂનમૂન જેવું	मूढ़, जड़वत्, सुन्न	dismayed, non-plussed

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શૂદ્ર	शूद्र	पुं॰	ચોથી વર્ણનો માણસ	वर्णव्यवस्था में से चौथा वर्ण, सब से निम्न वर्ण (वैदिक वर्णाश्रम के अनुसार)	man of lower caste, a member of the fourth *varna*
શૂધ	शूध	स्त्री॰	1. જુઓ 'શુદ્ધ' 2. અક્કલ, સમજ	देखिए 'शुद्ध' समझ, सुध-बुध, चेत	see 'शुद्ध' understanding, sense
શૂધબૂધ	शूधबूध	स्त्री॰	1. સૂધબૂધ, ભાન, સંજ્ઞા	सुध-बुध, होश–हवास	consciousness
			2. અક્કલ, સમજ	समझ, अक्ल	sense, understanding
શૂન	शून	स्त्री॰	મીંડું	शून्य	zero
શૂનઅર	शूनकार	पुं॰	1. ઉજ્જડપણું, નીરવતા	निस्तब्धता, सन्नाटा, सुनसान	emptiness, desolation
			2. (ચિત્તની) શૂન્ય સ્થિતિ	चित्त सन्न हो जाना	blankness (of mind)
શૂનમૂન	शूनमून	वि॰	સાવ મૂઢ જેવું, સૂનમૂન	सन्न, स्तब्ध, जड़वत्	blank, deadened
શૂન્ય	शून्य	वि॰	1. ખાલી 2. અસત્	शून्य, खाली, रिक्त असत्, मिथ्या, झूठ	empty, vacant untruth
			3. ભાન કે સંજ્ઞા વિનાનું	अचेत, बेहोश, संज्ञाहीन	blank, having no sense or consciousness
			4. (સમાસાન્તે) રહિત, વિનાનું ઉદા. જ્ઞાનશૂન્ય	रहित, शून्य	used in compound word meaning without, e.g. 'ज्ञानशून्य' having no knowledge
		न॰	1. મીંડું	शून्य	cipher

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2 અભાવ	शून्य, अभाव	lack
શૂન્યકાર	शून्यकार॰	पुं॰	જુઓ 'શૂનકાર'	देखिए 'शूनकार'	see 'शूनकार'
શૂન્યમનસ્ક	शून्यमनस्क	वि॰	શૂન્ય મનવાળું	शून्यमना, शून्यमनस्क	absent-minded
શૂન્યશિખર	शून्यशिखर	न॰	નિર્વિકલ્પ દશા, સમાધિદશા	निर्विकल्प दशा	state of absolute contemplation
શૂન્યહૃદય	शून्यहृदय	वि॰	1 લાગણી વિનાનું, ક્રૂર, હૈયાસૂનું	शून्यहृदय, क्रूर, हृदयशून्य	heartless, cruel
			2 ધ્યાન વિનાનું	बेध्यान, शून्यमनस्क	absent minded, inattentive
શૂર	शूर	वि॰	બહાદુર, પરાક્રમી	शूर, बहादुर, वीर, पराक्रमी	brave, valiant
		पुं॰	શૂરવીર	शूरवीर, शूर	hero, great warrior
		न॰	શૌર્ય, જુસ્સો	जोश, आवेश	valour, heroism
શૂરતા	शूरता	स्त्री॰	બહાદુરી, જુસ્સો, શૂરવીરપણું	शूरत्व, शूरता	bravery
શૂરવીર	शूरवीर	वि॰, पुं॰	બહાદુર, હિંમતવાન	बहादुर, शूरवीर	brave man, warrior
શૂરું	शूरुं	वि॰	શૂરવાળું, શૂરવીર	शूर, पराक्रमी	brave
શૂળ	शूळ	न॰	જુઓ 'શૂલ'	शूल (शस्त्र)	see 'शूल'
		स्त्री॰	(સીધો, લાંબો) કાંટો	(सीधा, लम्बा) काँटा	(long, straight) thorn
શૂળી	शूळी	स्त्री॰	જમીનમાં રોપેલો અણીવાળો મોટો જાડો સળિયો જેના ઉપર પરોવી મોતની શિક્ષા કરવામાં આવે છે તે કે તેની શિક્ષા	सूली	long, thick pointed iron bar fixed in the ground on which a man is impaled and thereby executed

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શૃંગાર	शृंगार	पुं॰	1. વિલાસ, રતિ	विलास, रति, शृंगार	sexual enjoyment
			2. તે માટેની સ્ત્રીપુરુષની એકબીજાની પ્રત્યેની સ્પૃહા	स्त्री-पुरुष की पारस्परिक स्पृहा	sexual attraction
			3. શૃંગારરસ	शृंगार रस (साहित्यशास्त्र)	one of poetic sentiments (poetics)
			4. શણગાર	बनाव-सजाव	decoration, ornament
શૃંગારવું	शृंगारवुं	स॰ क्रि॰	શણગારવું	सजाना, सिंगारना	to decorate
શૃંગારી	शृंगारी	वि॰	1. શૃંગાર સંબંધી 2. કામી	शृंगार संबंधी, शृंगारी कामुक, शृंगारी	relating to 'શૃંગાર' amorous
શૃંગી	शृंगी	वि॰	1. શિંગડાવાળું	शृंगयुक्त, सींगवाला, शृंगी	horned
			2. શિખરવાળું (પર્વત)	शिखरवाला (पहाड़)	mountain (that has peaks)
			3. એક રણવાદ્ય	रणवाद्य, सिंगबाजा	musical instrument played at the time of battle
શેક	शेक	पुं॰	શેકવું તે	सेंकने की क्रिया, सेंक	warming, fomentation
શેકવું	शेकवुं	स॰ क्रि॰	1. દેવતા પર નાખી ચડાવવું કે ખરું કરવું	आग पर पकाना, सेंकना, भूनना	to roast, to bake
			2. ગરમ લૂગડાં કે પાણી વગેરે દ્વારા ગરમી આપવી (શરીરના કોઈ ભાગને)	थैली, पानी या कपड़े आदि से शरीर के किसी अवयव को गरम करना, सेंकना	to foment
			3. બાળવું, દુઃખી કરવું	(ला॰) जलाना, सताना, कष्ट पहुँचाना	to torment

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શેખચલ્લી	शेखचल्ली	पुं॰	1. હવાઈ કિલ્લા બાંધનાર	शेख़चिल्ली	one who builds castles in the air
			2. આળસુ અને તરંગી આદમી	आलसी और तरंगी व्यक्ति	whimsical man
શેખર	शेखर	पुं॰	1. મુગટ, કિરીટ	मुकुट, किरीट	crown, diadem
			2. માથા પર પહેરવાની માળા	सिर पर लपेटी हुई माला	garland for head
			3. શિખર	पर्वतशिखर, शृंग, चोटी	peak
			4. (નામને અંતે) '–માં શ્રેષ્ઠ', ઉદા. મુનિશેખર	– में श्रेष्ठ (नाम के अंत में)	used at the end of a noun meaning 'best amongst', e.g. मुनिशेखर
શેખસલ્લી	शेखसल्ली	पुं॰	જુઓ 'શેખચલ્લી'	देखिए 'शेखचल्ली'	see 'शेखचल्ली'
શેખાઈ, શેખી	शेखाई, शेखी	स्त्री॰	પતરાજી, બડાઈ	शेख़ी, घमंड	bragging, boasting
શેખીખોર	शेखीखोर	वि॰	બડાઈ હાંકનાર	शेख़ीख़ोर, शेख़ीबाज़	braggart
શેઠ	शेठ	पुं॰	1. મોટો આબરૂદાર વેપારી, શાહુકાર	साहूकार, धनाढ्य, महाजन	big businessman of great respect
			2. વાણિયો	बनिया	bania
			3. ધણી, માલિક (નોકરોનો)	(नौकर का) मालिक, आक़ा, स्वामी	master, employer
			4. વેપારી વગેરેને સંબોધતાં વપરાતો શબ્દ	व्यापारी आदि का एक संबोधन	address for a merchant
			5. એક અટક	एक जातिनाम	a surname
શેઠાઈ	शेठाई	स्त्री॰	શેઠપણું	सेठगीरी, सेठपन	dignity of a *sheth*, i.e. a rich merchant

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શેઠાણી	शेठाणी	स्त्री॰	શેઠ કે શેઠની સ્ત્રી	सेठानी	seth's wife
શેઠિયો	शेठियो	पुं॰	શાહુકાર	सेठ, साहूकार	rich merchant
શેડ	शेड	स्त्री॰	1 ધારા, ધાર	धारा, धार	stream, current
			2. એનો જેવો અણીદાર ભાગ, શંગ	शंकु, नोकदार भाग	part pointed like it (fig.)
શેડકઢું	शेडकढुं	वि॰	તરતનું જ દોહેલું (દૂધ)	धारोष्ण (दूध)	(of milk) freshly milked
શેડા	शेडा	पुं॰	લીંટના લબડા	रेंट, सेढ़ा	mucus of nose
શેઢો	शेढो	पुं॰	ખેતરની ચોમેર ખેડ્યા વિનાની છોડાતી પટ્ટી, જ્યાં ચાર ઊગે છે	खेत का किनारा जहाँ जुताई नहीं होती और घास उगती है, किनारा	boundary left unploughed on all the four sides of a field
શેણાઈ	शेणाई	स्त्री॰	શરણાઈ	शहनाई	*shahnai*, a musical instrument
શેતરંજ	शेतरंज	पुं॰	એક રમત, ચતુરંગ	एक खेल, शतरंज	game of chess
શેતરંજી	शेतरंजी	स्त्री॰	એક જાતનું રંગીન ભાતીગળ પાથરણું	दरी, शतरंजी	carpet
શેતાન	शेतान	पुं॰	જુઓ 'શયતાન'	देखिए 'शयतान'	see 'शयतान'
શેતાનિયત	शेतानियत	स्त्री॰	શેતાનપણું	शैतानी, दुष्टता	devilry, satanic quality
શેતાની	शेतानी	वि॰ स्त्री॰	તોફાની શેતાનિયત	शैतान, नटखट शैतानी, बदमाशी	mischievous devilry
શેતૂર	शेतूर	न॰	એક ઝાડ જેનાં પાદડાં પર રેશમના કીડા ઊછરે છે	शहतूत, तूत	kind of tree, mulberry tree

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શેર	शेर	पुं॰	1. એક તોલ– મણનો ચાળીસમો ભાગ	एक तौल-मन का चालीसवाँ भाग, सेर	a weight — fortieth part of a maund
			2. વાઘ, સિંહ	शेर, बाघ, सिंह	tiger, lion
			3. ચિત્તો	चीता	cheetah
શેરડી	शेरडी	स्त्री॰	1. એક વનસ્પતિ-જેના સાંઠામાંથી ગોળ ને ખાંડ બને છે, સેલડી	ईख, गन्ना, ऊख	sugar-cane
			2. નાનો સાંકડો શેરડો-રસ્તો	छोटी पतली पगडंडी	path, foot-track
શેરડો	शेरडो	पुं॰	1. પગવાટ	पगंडडी, पगरस्ता	small narrow path
			2. લોહી તરી આવવાથી મોં પર પડતો લિસોટો	(शर्म आदि के कारण) चेहरे पर लाली दौड़ना	to blush
			3. સુકાઈ ગયેલાં આંસુના રેલાનો ડાઘ	आँसुओं की लड़ियों के सूखे हुए निशान	furrow caused by dried up tear
			4. ધાસ્કો	धकधकी, खटका, हौल	fright
			5. ઠંડું પાણી પીતાં અંદર પેટ સુધી થતી લિસોટા જેવી અસર	शीतल जल पीने से गले से पेट तक होने वाला ठंडक का असर	peculiar sensation in the stomach while drinking cold water
શેરવાણી, શેરવાની	शेरवाणी, शेरवानी	स्त्री॰	એક પ્રકારનો લાંબો (ઉત્તર હિંદુસ્તાની) કોટ	शेरवानी	kind of long coat
શેરવું	शेरवुं	अ॰ क्रि॰	જુઓ 'છેરવું'	देखिए 'छेरवुं'	see 'छेरवुं'
શેરામણ	शेरामण	न॰	જુઓ 'છેરામણ'	देखिए 'छेरामण'	see 'छेरामण'
શેલું	शेलुं	न॰	1. કસબી ઉપરણો-ખેસ	ज़रकश दुपट्टा, कशीदेदार उपरना	ornamental scarf or shawl worn over the upper garment

ગુજરાતી શબ્દ	દેવનાગરી લિપ્યંતરણ	વ્યા· કો·	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. વિધવાએ પહેરવાનો ખાસ એક સાલ્લો	(अमुक जाति की) विधवा के पहनने की खास साड़ी	special sari to be worn by a widow
			3. સ્ત્રીઓનું કસબી પાલવવાળું એક કીમતી વસ્ત્ર	स्त्रियों का ज़रकश अंचल वाला एक कीमती वस्त्र	costly dress for women
શેલો	શેલો	પું·	દોહતી વખતે ગાયને પગે બાંધવાનું દોરડું	नोइनी, नोई	see 'શેલાયું'
શેવ	શેવ	સ્ત્રી·	1. સેવ, ચણાના લોટની લાંબી સળી જેવી એક તળેલી વાની	सेव (बेसन की)	kind of fried dish made from gram flour
			2. ઘઉંની કરાતી એ જ આકારની એક વાની	सेवँई, सेंवई (गेहूँ की)	kind of macaroni
શેરિયું	શેરિયું	ન·	1. શેર વજનનું માપ	सेर वज़न की नाप (पात्र)	weight measuring one seer
			2. શણનું બી	पटसन का बीज	seed of flax or jute
શેરિયો	શેરિયો	પું·	શેર વજનનું કાટલું, શેરીકો	सेर वज़न का बाट	weight measuring one seer
શેરી	શેરી	સ્ત્રી·	1. સાંકડી ગલી 2. ફળિયું, પોળ	गली, कूचा मुहल्ला	narrow alley street
શેરીકો	શેરીકો	પું·	સેરનું કાટલું, શેરિયો	सेर वज़न का बाट	weight measuring one seer
શેરો	શેરો	પું·	અરજી વગેરે પર અધિકારીએ ટૂંકમાં કરેલું ટિપ્પણ	पृष्ठांकन	endorsement
શેલડી	શેલડી	સ્ત્રી·	જુઓ 'શેરડી'	देखिए 'शेरडी'	see 'શેરડી'

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શેલાયું	शेलायुं	न॰	નોંજણું, નોંઝણું, શેલો	नोइनी, नोई	rope tying the hind legs of cow while she is being milked
શેલી	शेली	स्त्री॰	૧ ચકમકથી દેવતા પાડવાની દોરડી	सोख़्ता (आग)	piece of string used while striking spark with flint and steel
			૨ ભસ્મ, રાખ	भस्म, राख	ash
શેવાલ, શેવાળ	शेवाल, शेवाळ	स्त्री॰	૧ લીલ, સેવાળ	सिवार, सेवार, काई, शैवाल	moss
			૨ બાફ, વરાળ	भाप	steam, vapour
			૩ શીંગની નસ	फली का रेशा	thread of a pod
શેવાળવું	शेवाळवुं	स॰ क्रि॰	૧ રળવું, કમાવું	कमाना, खटना	to earn
			૨ સફળતાપૂર્વક પાર પાડવું (કામ)	कार्य-सिद्धि करना	to complete work successfully
શેવું	शेवुं	वि॰	ઢાળ પડતું	ढालू, ढालवाँ	sloping
		न॰	આડો ચાસ	आड़ा कूँड (जोताई में)	a type of furrow
શેષ	शेष	वि॰	બાકી રહેલું	शेष, बचा हुआ, बाकी, अवशिष्ट	left over, remaining
		पुं॰	૧ શેષનાગ	शेष, शेषनाग	great serpent, *Shesh*
			૨ શેષ ભાગ	शेष, बाकी बची हुई चीज़	remaining part
		स्त्री॰	૧ પ્રસાદ	प्रसाद	offering
			૨ (ગ.) ભાગાકારમાં વધતી રકમ	(ग॰) भाग की बाक़ी, शेष	digit left over in division

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શેહ	शेह	स्त्री॰	1. હરાવવું તે, દબાવવું તે	हराना, मात करना	to defeat, to check
			2. દાબ, છાપ	दाब, रोब, अंकुश	awe, control
			3. શેતરંજની રમતમાં સામાના રાજાને નાસવું પડે તેવી રીતે પોતાનું મહોરું ગોઠવવું તે	शह (शतरंज में)	check (in the game of chess)
			4. પતંગના પેચ થાય ત્યારે એકદમ દોરી જવા દેવી તે	ढील देना (पतंग में)	release of string in kite-flying
શેહજોર, શેહમાર	शेहजोर, शेहमार	वि॰	બળવાન, બહાદુર	शहज़ोर, बहादुर	brave, strong
શેહજોરી	शेहजोरी	स्त्री॰	1. વીરતા, બહાદુરી	वीरता	bravery
			2. જબરદસ્તી	जबरदस्ती, शहज़ोरी	coercion
શેહમાત	शेहमात	वि॰	શેહથી માત	शह–मात	held in check, repressed
શેળો	शेळो	पुं॰	એકજાતનું પ્રાણી	काँटा चूहा	hedgehog
શેં	शें	अ॰	1. (પ્ર.) શા કારણે, શાથી	किस कारण, काहे	why? for what reason?
			2. શા માટે (પ્રશ્નાર્થક)	क्यों	why? (interrog.)
શૈલી	शैली	स्त्री॰	1. ઢબ, રીત	(काम करने की) रीति, ढंग	manner, way
			2. લખાણની રીત.	अभिव्यक्ति का कौशल (कला रचना आदि का)	style
શોક	शोक	पुं॰	1. ખેદ, દિલગીરી, સંતાપ	शोक, संताप, मानसिक व्यथा, व्यग्रता	sorrow, mourning, distress

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या· को·	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. મરણ પછી શોક વ્યક્ત કરવાનો લોકાચાર	मृत्यु के बाद मातम मनाने का लोकाचार	practice of mourning after the dead
			3. જુઓ 'શોખ'	देखिए 'शोख'	see 'शोख'
		स्त्री·	પતિની બીજી સ્ત્રી	सौत	co-wife
શોકિયું	शोकियुं	न·	જુઓ 'સોગિયું'	देखिए 'सोगियुं'	see 'सोगियुं'
શોખ	शोख	पुं·	1. હોંસ, ઇચ્છા, કોડ	शौक़, प्रबल इच्छा, अरमान, रुचि	desire, wish, longing
			2. મોજમજા, રંગભાજી	मौज, भोगविलास, ऐश	merriment
શોખી, શોખીન, શોખીલું	शोखी, शोखीन, शोखीलुं	वि·	શોખ કરનારું, શોખ મારનારું	शौक़ीन	fond of pleasure-seeking
શોગ	शोग	पुं·	સોગ, શોક	शोक, मृत्युशोक	mourning
શોગટાબાજી	शोगटाबाजी	स्त्री·	એક રમત	चौसर, चौपड़	kind of game played with pieces
શોગટી, શોગટું	शोगटी, शोगटुं	स्त्री·, न·	શોગટાબાજીનું મહોરું	गोटी, गोट (चौसर की)	a piece used in शोगटाबाजी
શોચવું	शोचवुं	स· क्रि·	1. શોચ કરવો	शोक करना	to lament, to grieve
			2. વિચારવું	सोचना, विचारना	to think
શોથ	शोथ	पुं·	સોજો	सूजन	swelling
શોધ	शोध	पुं·, स्त्री·	1. શોધવું તે, ખોળ, તપાસ	शोध, खोज, तलाश, अन्वेषण	search, exploration, invention
			2. શોધેલી વસ્તુ	खोजी हुई चीज़, आविष्कार	invention
શોધક	शोधक	वि·, पुं·	શોધ કરનાર	खोजी, अन्वेषक	explorer

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શોધખોળ	शोधखोळ	स्त्री॰	શોધવું તે, તપાસ કરવી તે	आविष्कार करना, खोजना	exploration
શોધવું	शोधवुं	स॰ क्रि॰	1. ખોળવું, તપાસ કરવી	खोजना, तलाश करना	to search, to look for
			2. પરીક્ષા કરવી	परखना, जाँच करना	to test, examine
			3. દોષ દૂર કરવા, શુદ્ધ કરવું	शुद्ध करना, शोधना, साफ़ करना	to purify
			4. ન જાણેલી વસ્તુ નવી ખોળી કાઢવી	नयी बात खोज निकालना, नयी चीज़ बनाना, आविष्कार करना	to invent, to explore
શોધંશોધા	शोधंशोधा	स्त्री॰	ઉપરાઉપરી શોધ, ખોળંખોળા, શોધાશોધ	खोज पर खोज (करना)	searching and ransacking
શોધાશોધ	शोधाशोध	स्त्री॰	ખોળાખોળ	खोज पर खोज (करना)	searching and ransacking
શોભવું	शोभवुं	अ॰ क्रि॰	1. સુંદર દેખાવું	शोभित होना, सुन्दर लगना, सुहाना, फबना	to look beautiful
			2. છાજવું, લાયક હોવું કે દેખાવું	शोभा देना, – के लायक होना, जचना	to become, to suit
શોભા	शोभा	स्त्री॰	1. સુંદર દેખાવ, સૌંદર્ય	सौन्दर्य, शोभा	beauty, good looks
			2. પ્રતિષ્ઠા, આબરૂ	शान, प्रतिष्ठा (ला॰)	credit, honour
શોભાયમાન	शोभायमान	वि॰	શોભીતું, શોભાવાળું	शोभायमान	elegant, beautiful
શોભાસ્પદ	शोभास्पद	वि॰	શોભાવે તેવું	शोभास्पद	becoming, fitting

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શોભિત	शोभित	वि॰	1. સુંદર શોભતું 2. શણગારેલું	सुंदर, शोभित सज्जित	beautiful decorated
શોભીતું	शोभीतुं	न॰	શોભતું, સારું દેખાતું	शोभित, शोभायुक्त	shining, splendid
શોરબકોર	शोरबकोर	पुं॰	કોલાહલ	शोरगुल, कोलाहल	loud uproar
શોષ	शोष	पुं॰	શોસાવું તે, પ્યાસ, સોસ	सूखना, प्यास, शोष	drying up
શોષક	शोषक	वि॰	શોષી લેનારું	सोखने/चूसने वाला, शोषक	absorbent
શોષણ	शोषण	न॰	શોષવું તે, શોષાવું તે	सोखने की क्रिया, सुखाने की क्रिया, शोषण	absorption, drying up, exploitation
શોષવું	शोषवुं	स॰ क्रि॰	ચૂસી લેવું, ચૂસી સૂકું કરી નાખવું	सोखना, जज़्ब करना	to absorb, to suck dry
શોષાવું	शोषावुं	अ॰ क्रि॰	ચુસાવું, સુકાઈ જવું	जलहीन होना, सूखना	to dry up
શૌચ	शौच	न॰	1. સ્વચ્છતા, પવિત્રતા	शुद्धि, पवित्रता, स्वच्छता	purity
			2. મલોત્સર્ગ	मलत्याग	evacuation of bowels
શૌચકૂપ	शौचकूप	पुं॰	પાયખાનું, સંડાસ	पाखाना, संडास	toilet
શૌર્ય	शौर्य	न॰	શૂરતા, પરાક્રમ, બહાદુરી	शूरता, पराक्रम, वीरता	valour, bravery
શ્મશાન	श्मशान	न॰	મડદાં બાળવાનું સ્થાન	श्मशान, मसान, मरघट	burning ground
શ્મશાનિયો	श्मशानियो	पुं॰	ડાઘુ, મસાણિયો	कंधा देने वाला	-pall-bearer, one who carries bier
શ્યામ	श्याम	वि॰	કાળું	श्याम, काला, साँवला	black

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
		પું॰	1. કાળો રંગ 2. શ્રીકૃષ્ણ	काला रंग श्याम, श्रीकृष्ण	black colour Lord Krishna
શ્યામલ	श्यामल	વિ॰	1. લીલું 2. કાળું, શ્યામળું	हरा श्याम, श्यामल	green dark
શ્યામસુંદર	श्यामसुंदर	પું॰	શ્રીકૃષ્ણ	श्रीकृष्ण	Krishna
શ્રદ્ધા	श्रद्धा	સ્ત્રી॰	આસ્થા, વિશ્વાસ	आस्था, आदर, यक़ीन, श्रद्धा	faith, trust
શ્રદ્ધાલુ, શ્રદ્દાળુ	श्रद्धालु, श्रद्धाळु	વિ॰	શ્રદ્ધાવાળું	श्रद्धायुक्त, श्रद्धालु	having faith, trusting
શ્રદ્દાંજલિ	श्रद्धांजलि	સ્ત્રી॰	શ્રદ્ધાપૂર્વક આપેલી અંજલિ (શ્રાદ્ધ તરીકે)	श्रद्धांजलि	homage
શ્રમ	श्रम	પું॰	1. થાક 2. મહેનત, તકલીફ	श्रम, थकान मेहनत, तकलीफ़, श्रम	fatigue labour, exertion
શ્રમજીવી	श्रमजीवी	વિ॰	શારીરિક શ્રમ કરીને ગુજરાન મેળવાનાર (બુદ્ધિજીવીથી ઊલટું)	श्रमजीवी	labourer, worker, living on manual or physical labour
શ્રમણ	श्रमण	પું॰	બૌદ્ધ કે જૈન સાધુ	बौद्ध या जैन संन्यासी	Buddhist or Jain monk
શ્રવણ	श्रवण	ન॰	1. સાંભળવું તે 2. વેદાધ્યયન 3. બાવીસમું નક્ષત્ર	सुनना, श्रवण वेदाध्ययन बाइसवाँ नक्षत्र	act of hearing study of the Vedas twenty-second lunar mansion
		પું॰	1. કાન 2. અંધ માબાપને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવનાર–અંધક મુનિનો પુત્ર	कान अंधक मुनिपुत्र, श्रवण	ear devoted son of Andhak Muni (Hindu legend

ગુજરાતી શબ્દ	દેવનાગરી લિપ્યંતરણ	વ્યા· કો·	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શ્રવવું	श्रववुं	स· क्रि·	સાંભળવું, શ્રવણ કરવું	सुनना, श्रवण करना	to hear
શ્રાદ્ધ	श्राद्ध	न·	પિતૃઓની તૃપ્તિ માટે શ્રદ્ધાથી કરાતી તર્પણ ક્રિયા	पितरों की प्रसन्नता के लिए शास्त्र या लोक-विधि के अनुसार किया जानेवाला क्रिया-कर्म और दान आदि	a ceremony performed for the appeasement of the dead
શ્રાપ	श्राप	पुं·	શરાપ, શાપ	शाप, श्राप	curse
શ્રાવક	श्रावक	वि·	1. સાંભળનાર 2. જૈન કે બૌદ્ધ ગૃહસ્થ	सुनने वाला जैन या बौद्ध गृहस्थ	listener, hearer Jain or Buddhist layman
શ્રાવણ	श्रावण	पुं·	1. વિક્રમ સંવતનો દશમો મહિનો	सावन मास, श्रावण	tenth month of the year according to Vikrama era
			2. શ્રવણ	अंधकमुनिपुत्र, श्रवण	son of Andhak Muni, Shravan
			3. શ્રવણ કરાવવું તે	श्रवण कराना	to make one hear
શ્રાવણી	श्रावणी	स्त्री·	શ્રાવણ મહિનાની પૂનમ, બળેવ	राखी पूनम, श्रावणी	full-moon day of Shravana month
શ્રાવિકા	श्राविका	स्त्री·	શ્રાવક-જૈન કે બૌદ્ધ-સ્ત્રી	बौद्ध या जैन स्त्री	woman of Jain or Buddha fold
શ્રી	श्री	पुं·	1. લખાણના આરંભમાં વપરાતો મંગળ શબ્દ	लिखावट के प्रारंभ में प्रयुक्त मंगल शब्द	auspicious letter or word used at the beginning of a writing

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. 'શ્રીમાન, શ્રીમતી'નો સંક્ષેપ (નામની આગળ લગાડાતો આદરસૂચક શબ્દ)	'श्रीमान', 'श्रीमती' का विपरीत	abbreviation of 'શ્રીમાન', 'શ્રીમતી' (see) 'શ્રીમાન, શ્રીમતી'
			3. એક રાગ	पाँचवाँ राग, श्री	musical mode
		स्त्री॰	1. લક્ષ્મી	लक्ष्मी	Lakshmi
			2. સૌંદર્ય, શોભા	सौंदर्य, शोभा	beauty
			3. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ	त्रिवर्ग–धर्म, अर्थ, काम	the three main objects of life, viz. piety, wealth and instinctive desire ધર્મ, અર્થ and કામ
શ્રીકંઠ	श्रीकंठ	पुं॰	મહાદેવ, શિવ	महादेव, शिव	Shiva
શ્રીફળ	श्रीफळ	न॰	નાળિયેર	नारियल	coconut
શ્રીમત	श्रीमत	वि॰	શ્રીમાન	श्रीमान	glorious, used as honorific
શ્રીમતી	श्रीमती	वि॰, स्त्री॰	'શ્રીમાન' નું સ્ત્રીલિંગ	श्रीमती	fem. of 'શ્રીમાન'
શ્રીમંત	श्रीमंत	वि॰	1. તવંગર	धनी, श्रीमंत	rich
			2. રાજાઓના નામ આગળ મુકાતો શબ્દ	राजाओं के नाम के पूर्व प्रयुक्त शब्द	honorific address used for kings
શ્રીમંતાઈ	श्रीमंताई	स्त्री॰	શ્રીમંતપણું	श्रीमंत होने का भाव	quality of being rich, prosperity
શ્રીમાન	श्रीमान	वि॰	1. ધનવાન	धनी	rich
			2. શોભાવાન	शोभायुक्त	beautiful
			3. નામની આગળ મુકાતો આદરસૂચક શબ્દ	पुरुषों के नाम के आगे लगाया जानेवाला आदरसूचक शब्द, श्रीमान	honorific word used before the name of a person (like 'Mr.')

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શ્રીયુત	श्रीयुत	वि॰	શ્રીમાન, પુરુષના નામની આગળ મુકાતો આદરસૂચક શબ્દ	श्रीमान	see 'શ્રીમાન- 3'
શ્રુતિ	श्रुति	स्त्री॰	1. સાંભળવું તે	सुनने की क्रिया	hearing
			2. કાન	कान	ear
			3. સાંભળેલી વાત, કિંવદંતી	किंवदंती, जनश्रुति	hearsay
			4. વેદ	वेद, श्रुति	the Vedas
			5. ધ્વનિ, અવાજ	ध्वनि, आवाज़	sound
			6. નાદનો એક ભેદ (સંગીતમાં તેવી ૨૨ શ્રુતિ છે)	नाद का एक भेद (संगीत)	musical note
શ્રોતા	श्रोता	पुं॰	સાંભળનાર	सुननेवाला, श्रवणकर्ता, श्रोता	listener, audience
શ્લેષ	श्लेष	पुं॰	1. બે અર્થવાળા શબ્દનો પ્રયોગ	एक शब्दालंकार, श्लेष	pun
			2. આલિંગન	आलिंगन	embrace
શ્લોક	श्लोक	पुं॰	1. ચાર ચરણનું પદ	चार पदों का एक पद्य, श्लोक	quatrain
			2. અનુષ્ટુભ છંદનું પદ	अनुष्टुप छंद	stanza of અનુષ્ટુભ metre
			3. (સમાસને અંતે) કીર્તિ, યશ, ઉદા. પુણ્યશ્લોક	यश, कीर्ति (समास में)	suffix at the end of a compund word meaning fame, credit, e.g. પુણ્યશ્લોક
શ્વશુર	श्वशुर	पुं॰	સસરો	ससुर	father-in-law
શ્વશ્રૂ	श्वश्रू	स्त्री॰	સાસુ	सास	mother-in-law
શ્વસવું	श्वसवुं	स॰ क्रि॰	શ્વાસ લેવો, જીવવું	साँस लेना, जीना	to breathe, to be alive

ગુજરાતી શબ્દ	દેવનાગરી લિપ્યંતરણ	વ્યા· કો·	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
શ્વાસ	श्वास	પું·	1. નાકથી વાયુ લેવો-મૂકવો તે	साँस	breath
			2. દમ, હાંફ	दमा, हाँफा	asthma
			3. વર્ણનો એક બાહ્ય પ્રયત્ન (વ્યા.) (અઘોષ વર્ણને શ્વાસ પણ કહે છે)	वर्ण का एक बाह्य प्रयत्न (व्या·)	aspiration of a sound (grammar)
શ્વાસનળી	श्वासनळी	સ્ત્રી·	જે દ્વારા શ્વાસ ફેફસાંમાં જાય છે તે નળી	श्वासनली	windpipe
શ્વાસપ્રશ્વાસ, શ્વાસોચ્છ્વાસ, શ્વાસોશ્વાસ	श्वासप्रश्वास, श्वासोच्छ्वास, श्वासोवास	પું·	શ્વાસ લેવો અને મૂકવો તે	श्वासोच्छ्वास	breathing in and out
શ્વેત	श्वेत	વિ·	સફેદ	सफेद	white
ષટ્કોણ	षट्कोण	પું·	છ ખૂણાવાળી આકૃતિ, 'હેક્ઝેગૉન' (ગ.)	षट्कोण (गणित)	hexagon
ષટ્પદ	षट्पद	વિ·	1. છ પગવાળું	छः पैरों वाला	six-footed
			2. છ પદવાળું	छः पदों वाला	composition distributed into six units
		પું·	ભમરો	भ्रमर	bee (male)
ષડ્ભુજ	षड्भुज	વિ·	1. છ ભુજાવાળો	छः भुजाओं वाला, षड्भुज	having six arms
			2. ષટ્કોણ	षट्कोण	hexagon
ષડ્યંત્ર	षडयंत्र	ન·	કાવતરું	षडयंत्र	conspiracy, plot
ષોડશકલા, ષોડશકળા	षोडशकला, षोडशकळा	સ્ત્રી·	(ચંદ્રની) સોળ કળાઓ	षोडशकला	sixteen digits or phases of the moon
ષોડશી	षोडशी	સ્ત્રી·	1. સોળનો સમૂહ	सोलह का समूह	collection of sixteen

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. સોળ વર્ષની નવયૌવના	सोलहवर्षीया स्त्री	maiden who is sixteen years old
			3. સોળ મહાવિદ્યાઓમાંની એક	सोलह महाविद्याओं में से एक	one of the sixteen major branches of learning
			4. મરેલા પાછળ કરાતું એક કર્મ, જે મૃત્યુ બાદ દશમે કે અગિયારમે દિવસે કરાય છે	प्रेत कर्म विशेष, षोडशी	ceremony to be performed on tenth or eleventh day after the death of a person
સંકટ	संकट	न॰	દુઃખ, આફત	दुखः, आफ़त, विपत्ति, ख़तरा, मुसीबत	misery, calamity, adversity
સંકટચતુર્થી	संकटचतुर्थी	स्त्री॰	ગણેશચતુર્થી	गणेशचतुर्थी, गणेशचौथ	fourth day of lunar fortnight sacred to Ganesh
સંકડામણ, સંકડામણી	संकडामण, संकडामणी	स्त्री॰	1. જગાની તંગાશ	जगह की तंगी, संकीर्णता, खुला न होना	want of room or space
			2. ભીડ, મુશ્કેલી	मुश्किल, संकट	difficulty, shortage
સંકડાવું	संकडावुं	स॰ क्रि॰	1. દબાવું, ભચડાવું	सिमटना, सिकुड़ना, तंग जगह में रहना	to feel crushed
			2. જગાની તંગાશ વેઠવી	जगह की संकीर्णता सहन करना	to feel cramped
			3. મુશ્કેલીમાં આવવું	संकट में पड़ना, संकट में फँसना	to be in difficulty

गुज़राती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
સંકડાવવું	संकडाववुं	स॰ हि॰	'સંકડાવું' નું પ્રેરક	'संकडावुं' का प्रेरणार्थक रूप	causal of 'संकडावुं'
સંકડાશ	संकडाश	स्त्री॰	1. જગાની તંગાશ	जगह की संकीर्णता, तंगी	want of sufficient space or accommodation
			2. મુશ્કેલી	संकट, मुश्किल	difficulty
સંકર	संकर	पुं॰	ભેળસેળ, મિશ્રણ	मिश्रण, मिलावट	mixture
સંકલન, સંકલના	संकलन, संकलना	स्त्री॰, न॰	1. એકઠું કરવું તે, સંગ્રહ	एकीकरण, संग्रह	collecting, collection
			2. સરવાળો	मिलान, जोड़ (ग॰)	addition
સંકલ્પ	संकल्प	पुं॰	1. તરંગ, ઇરાદો, ઇચ્છા	संकल्प, इरादा, इच्छा, प्रयोजन	resolution, intention, wish
			2. નિશ્ચય, મનસૂબો	निश्चय, संकल्प	determination
			3. ધર્મકર્મ વગેરે કરવા માટે લેવામાં આવતો નિયમ	कोई धार्मिक कृत्य करने की प्रतिज्ञा, संकल्प	formal declaration of purpose before performing a religious rite
			4. કલ્પના કરવી તે, તર્ક	कल्पना, विचार, संकल्प, तर्क	assumption (logic)
સંકળાવું	संकळावुं	अ॰ क्रि॰	'સાંકળવું' નું કર્મણિ, સંલગ્ન થવું, સાંકળના આંકડા પેઠે જોડાયેલું હોવું	'सांकळवुं' का कर्मणि, संकलित होना, संलग्न होना, (जंजीर की कड़ियों की तरह) जुड़ा हुआ होना	passive of 'सांकळवुं', be associated with, be linked with
સંકોચ	संकोच	पुं॰	1. તંગી, અછત, સંકડાશ	संकोच, तंगी, कमी, संकीर्णता (जगह, चीज़ आदि की)	want, scarcity, closeness
			2. આંચકો, ખંચકાવું તે	हिचकिचाहट, झिझक, संकोच	hesitation
			3. લજ્જા, શરમ	लज्जा, शर्म, संकोच	shyness

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			4. બિડાવું તે	मूँदना, बन्द होना (नेत्र का)	closing
			5. ભય	भय	fear
સંકોચશીલ	संकोचशील	वि॰	સંકોચવાળું	शर्मीला, संकोचशील	shy, reserved
સંકીર્તન, સંકીર્ત્તન	संकीर्तन, संकीर्त्तन	न॰	સ્તુતિ	स्तुति	prayer, singing of devotional songs
સંકુચિત	संकुचित	वि॰	1. સંકોચ પામેલું	संकुचित	reserved, abashed
			2. સાંકડું, ઉદાર કે વિશાળ નહીં તેવું	तंग, अनुदार	narrow-minded
			3. બિડાયેલું	बंद	closed
સંકેત	संकेत	पुं॰	1. અગાઉથી કરેલી છૂપી ગોઠવણ	पहले से की हुई गुप्त योजना	secret arrangement made before
			2. જુઓ 'સંકેતસ્થાન'	देखिए 'संकेतस्थान'	see 'संकेतस्थान'
			3. ઇશારો, નિશાની	इशारा, इंगित, चिह्न, संकेत	sign, signal
			4. કરાર, શરત	करार, शर्त	agreement, condition
			5. અમુક શબ્દથી અમુક અર્થનો ભાષાની પરંપરાગત રૂઢિ (વ્યા.)	संकेतवाक्य, सांकेतिक शब्द (व्या॰)	a linguistic convention that a particular word should denote a particular meaning (gramm.)
સંકેતસ્થાન	संकेतस्थान	न॰	સંકેત પ્રમાણે મળવાની જગા	मिलने का निश्चित स्थल	place of appointment or assignation
સંકેતાર્થ	संकेतार्थ	पुं॰	ક્રિયાપદનું શરત બતાવનારું રૂપ (વ્યા.)	संकेतार्थ	indicative form of verb

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
સંકેલવું	संकेलवुं	स॰ क्रि॰	આટોપવું, એકઠું કરવું, પાછું વાળી લેવું	समेटना, बटोरना, तह करके रखना, लपेटना, बन्द करना	to wind up, to gather, to collect
સંકોડવું	संकोडवुं	स॰ क्रि॰	સાંકડું કરવું, ફેલાયેલું એકઠું કરવું, સંકોચવું	संकुचित करना, सिकोड़ना, बटोरना	to make narrow, to gather, to contract
સંકોરણી	संकोरणी	स्त्री॰	સંકોરવું કે સંકોરવું તે	हिलाने की क्रिया	act of stirring
સંકોરવું	संकोरवुं	स॰ क्रि॰	1. વધારે અંદર ઠેલવું	घुसाना, आगे सरकाना, ज्यादा घुसेड़ना	to push in
			2. પ્રજ્વલિત કરવું	प्रज्वलित करना	to brighten
			3. ઉશ્કેરવું	उकसाना, उत्तेजित करना	to incite
			4. જુઓ 'સંકેલવું'	देखिए 'संकेलवुं'	see 'संकेलवुं'
સંક્રમવું	संक्रमवुं	अ॰ क्रि॰	સંક્રમણ કરવું	सक्रमण करना	to go from one place to another
સંક્રામક, સંક્રામી	संक्रामक, संक्रामी	वि॰	સંક્રમણ કરે એવું, ચેપી	संक्रामक	infectious, contagious, which can move from one place to another
સંક્ષેપ	संक्षेप	पुं॰	1. ટૂંકાણ, સાર	संक्षेप, छोटा करना	abridgement, synopsis
			2. ટૂંકાવેલું કે સારરૂપ તે	छोटा किया हुआ, संक्षिप्त	abridged
સંખ્યા	संख्या	स्त्री॰	1. રકમ, આંકડો	रकम, आँकड़ा, अंक	figure, number

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. ગણના, ગણતરી	गणना, गिनकर निकाली हुई संख्या	calculation
संख्याबंध	संख्याबंध	वि॰	અનેક, ઘણાં	अनेक, बहुत	numerous
संग	संग	पुं॰	1. સંયોગ	संयोग	circumstance
			2. સંબંધ	संबंध	union, conjunction
			3. સોબત, સહવાસ	साथ, संगति, संग	association, companionship
			4. આસક્તિ	आसक्ति	fascination, attachment
			5. મૈથુન	मैथुन	copulation
संगटो	संगटो	पुं॰	મિશ્રણ, સેળભેળ	मिश्रण, मिलावट	mixture, intermixture
संगठन	संगठन	न॰	વીખરાયેલાં બળ, લોકો કે અંગોને એકત્રિત કરી વ્યવસ્થિત કરવાં તે	संघटन, संगठन	consolidation
संगठित	संगठित	वि॰	સંગઠનવાળું	संघटित	united
संगत	संगत	वि॰	1. સંબદ્ધ	संबद्ध, युक्त	connected with
			2. સુસંગત	उपयुक्त	consistent
			3. અનુરૂપ, 'સિમેટ્રિકલ' (ગ.)	अनुरूप	symmetrical
		स्त्री॰	સંગતિ, સોબત	संगति, संगत	company
संगति	संगति	स्त्री॰	1. સંયોગ	संयोग, संगति	union
			2. મેળ	मेल, संगत	harmony
			3. સહવાસ	सहवास, साथ	cohabitation, companionship
			4. પૂર્વાપર સંબંધ	पूर्वापर संबंध	context
			5. 'સિમેટ્રી' (ગ.)	'सिमेट्री'	symmetry
संगतिदोष, संगदोष	संगतिदोष, संगदोष	पुं॰	સોબતની માઠી અસર	संगत का बुरा असर	effect of bad company

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
સંગમ	संगम	पुं॰	1. સંયોગ, મેળાપ, સમાગમ 2. બે નદીઓનું મિલન, તે સ્થાન	संयोग, मिलन, समागम नदियों का मिलन, संगम	union, meeting, contact confluence or a place of confluence
સંગમસ્થળ, સંગમસ્થાન	संगमस्थळ, संगमस्थान	न॰	નદીઓના સંગમની જગા	नदियों का मिलन स्थान, संगमस्थान	place of confluence of rivers
સંગાથ	संगाथ	पुं॰	સંગાત-સાથ, સોબત	संग, साथ, मार्ग का साथ	company, companionship
સંગાથી	संगाथी	वि॰, पुं॰	સંગાથ કરનાર	साथी, संगी, हमराह	companion, fellow-traveller
સંગાથે	संगाथे	अ॰	સાથે, સંઘાતે	साथ में, साथ	along with, in the company of
સંગી	संगी	वि॰	સંગ કરનાર	साथ करने वाला, संगी	accompanying
		पुं॰	સોબતી	साथी	companion
સંગીત	संगीत	न॰	1. ગાયન, વાદન અને નૃત્યનો સમાહાર 2. ગાયન કે વાદન	संगीत गाना या बजाना	music singing or playing (on a musical instrument)
સંગીતકાવ્ય	संगीतकाव्य	न॰	'લિરિક'	संगीतकाव्य	lyric
સંગીન	संगीन	वि॰	1. પથ્થરનું બનેલું	पत्थर का बना हुआ	made of stone
			2. ટકાઉ, મજબૂત	मज़बूत, टिकाऊ	strong, lasting
		स्त्री॰	બંદૂકની નળીને છેડે ઘાલવામાં આવતું ભાલા જેવું અણીદાર પાનું, 'બયોનેટ'	संगीन, 'बेयोनेट'	bayonet

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
સંગ્રહ	संग्रह	પું॰	૧. એકઠું કરવું તે	जमा करना, एकत्र करना	collecting, gathering
			૨. સંઘરી રાખેલો જથ્થો	संग्रह, संचित जत्था, या थोक	collection, store
			૩. સારી સારી વસ્તુઓનો એક સ્થળે કરેલો જમાવ	अच्छी-अच्छी चीज़ों का एक जगह किया हुआ जमाव	collection (of curios)
સંગ્રહખોર	संग्रहखोर	વિ॰, પું॰	સંઘરાખોર, ખોટો કે અયોગ્ય સંગ્રહ કરનારું, તેવી કુટેવ-વાળું	संग्राहक, परिग्रही	hoarder
સંગ્રહણી	संग्रहणी	સ્ત્રી॰	સંઘરણી-ઝાડાનો એક રોગ	संग्रहणी	dysentery
સંગ્રહવું	संग्रहवुं	સ॰ ક્રિ॰	સંગ્રહ કરવો	संग्रह करना, जमा करना, संचय करना	to collect, to gather
સંગ્રહસ્થાન, સંગ્રહાલય	संग्रहस्थान, संग्रहालय	ન॰	જ્યાં દેશપરદેશની જાણવા અને જોવા જોગ વસ્તુઓ એકઠી કરી હોય તે સ્થળ. 'મ્યુઝિયમ'	अजायबघर, संग्रहस्थान, संग्रहालय	muzeum
સંગ્રામ	संग्राम	પું॰	યુદ્ધ	युद्ध, संग्राम, लड़ाई	war, battle
સંગ્રામસમિતિ	संग्राम समिति	સ્ત્રી॰	યુદ્ધની વ્યવસ્થાપક સમિતિ	संग्रामसमिति	war council
સંઘ	संघ	પું॰	૧. ટોળું	समूह, टोला	crowd, multitude
			૨. યાત્રાળુઓનો સમૂહ	तीर्थयात्रियों का समूह	body of pilgrims
			૩. સંગઠિત અને વ્યવસ્થિત સમુદાય (જેમકે બૌદ્ધ ભિક્ષુઓનો, યુવકોનો વગેરે)	संगठित और व्यवस्थित समूह, संघ (बौद्ध भिक्षुओं या युवकों आदि का)	congregation (a systematic body of mendicants, youths etc.)

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
સંઘજીવન	संघजीवन	न॰	1. સમૂહજીવન, સંઘમાં સાથે ભેગું રહેવું તે	संघजीवन, समूहजीवन	corporate life
			2. સંઘ	संघ	group, congregation
સંઘટન	संघटन	न॰	જુઓ 'સંગઠન'	देखिए 'संगठन'	see 'संगठन'
સંઘબળ	संघबळ	न॰	સંઘનું કે સંઘ બનવાથી નીપજતું બળ	संघशक्ति	strength of *sangh* or union
સંઘરણી	संघरणी	स्त्री॰	જુઓ 'સંગ્રહણી'	देखिए 'संग्रहणी'	see 'संग्रहणी'
સંઘરવું	संघरवुं	अ॰ क्रि॰	1. એકઠું કરવું, જમા કરવું	संग्रह करना, जमा करना	to gather, to collect
			2. જતન કરીને રાખી મૂકવું	हिफ़ाज़त से रख छोड़ना	to preserve
			3. સમાસ કરવો, પોતાની અંદર લેવું	अपनाना, मिला लेना	to include
સંઘરાખોર	संघराखोर	वि॰	જરૂરથી વધારે પડતું સંઘરી રાખવાની વૃત્તિવાળું	संग्रहक, परिग्रही	hoarder
સંઘરો	संघरो	पुं॰	સંઘરેલી વસ્તુઓનો જથ્થો	संग्रह, संचय	hoard, stock of things collected
સંઘવી	संघवी	पुं॰	સંઘ કાઢનાર, સંઘનો નેતા	संघ का नेता	one who leads a band of pilgrims
સંઘવ્યાયામ	संघव्यायाम	पुं॰	સમૂહનો સાથે થતો વ્યાયામ	समूह व्यायाम	mass-exercise
સંઘાડિયો	संघाडियो	पुं॰	સંઘાડાથી ઘાટ ઉતારનારો, 'ટર્નર'	खरादी	turner
સંઘાડો	संघाडो	पुं॰	1. હાથીદાંત, લાકડાં વગેરેનો ઘાટ ઉતારવાનું યંત્ર	खराद	lathe

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
			2. યુગલ, જોડો (જૈન)	युगल, जोड़ी (जैन)	couple (Jain)
			3. જૈન સાધુ-સાધ્વી - ઓનો સમુદાય	जैन साधु-साध्वियों का समुदाय	body of Jain monks and nuns
સંઘાત	संघात	पुं॰	1. સાથ, સંગાથ	साथ, संग	company
			2. જમાવ, જથ્થો	जत्था, समूह	multitude
			3. ઘાત, મારવું તે	संघात, पीटना	beating
		अ॰	સાથે, જોડે	साथ, संग	along with, accompanying
સંઘાતી	संघाती	वि॰, पुं॰	સંગાથ કરનાર	साथी, संगी	companion
સંઘાતે	संघाते	अ॰	સંઘાત	साथ, संग	accompanying
સંઘેડો	संघेडो	पुं॰	જુઓ 'સંઘાડો'	देखिए 'संघाडो'	see 'संघाडो'
સંચય	संचय	पुं॰	સંગ્રહ, જમાવ	संचय, जमाव	collection, accumulation
સંચરવું	संचरवुं	अ॰ क्रि॰	1. જવું, ચાલતા થવું	चलता बनना, जाना	to go, to walk
			2. દાખલ થવું, વ્યાપી જવું	फैलना, भीतर घुसना	to enter, to pervade
		स॰ क्रि॰	1. સંચય કરવો	संचय करना	to gather, to collect
			2. સંચારવું	खपरैलों की उलट-पलट करना	to throw, to turn about, to turn the tiles on a roof
સંચરાઈ, સંચરામણ, સંચરામણી	संचराई, संचरामण, संचरामणी	स्त्री॰, न॰, स्त्री॰	સંચારવાની મજૂરી	ढोने का मेहनताना	payment for transport
સંચલન	संचलन	न॰	1. ડોલવું તે	डोलना	shaking
			2. કંપ, ખળભળાટ	कंप	trembling, commotion
			3. આંદોલન, હિલચાલ	आंदोलन	agitation, campaign

ગુજરાતી શબ્દ	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	ગુજરાતી અર્થ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
સંચવું	संचवुं	स॰ क्रि॰	૧. એકઠું કરવું, ભેગુ કરવું	इकट्ठा करना, जमा करना	to collect
			૨.ઢગલો કરવો	ढेर बनाना	to make a heap of
સંચળ	संचळ	पुं॰	એક ક્ષાર	काला नमक, सोंचर नमक	kind of salt
સંચાર	संचार	पुं॰	૧. ફેલાવું તે, પ્રસાર	फैलना, प्रसार	spreading, pervasion
			૨. ચલાવવું તે, પ્રેરવું તે	चलाना, प्रेरित करना, बढ़ावा देना	running (a thing), inspiration
			૩. જવું તે, –માં થઈને જવું તે, 'ટ્રાન્સમિશન'	गमन, भ्रमण	going or going through
			૪. સૂર્યનું એક રાશિમાંથી બીજીમાં જવું તે	सूर्य का दूसरी राशि में प्रवेश	passing of the sun from one sign of the zodiac into another
સંચારવું	संचारवुं	स॰ क्रि॰	૧. નળિયાં ફેરવીને છાપરું ઠીક કરવું	खपरैलों की फेरबदल, करना	to turn tiles of roof
			૨. રેડવું, નાખવું, સીંચવું	डालना, सींचना	to pour, to water
સંચારો	संचारो	पुं॰	છાપરું સંચારનાર	खपरैलों की फेरबदल करने वाला	tile-turner
સંચાલક	संचालक	पुं॰	ચલાવનાર, વ્યવસ્થા કરનાર	संचालक, व्यवस्थापक	administrator
સંચાલન	संचालन	न॰	ચલાવવું-વ્યવસ્થા કરવી તે	संचालन करना, प्रबंध करना	to manage, to conduct
સંચિત	संचित	वि॰	એકઠું કરેલું, સંઘરેલું	इकट्ठा किया हुआ, संग्रह किया हुआ	collected

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
		न॰	પૂર્વજન્મનાં બાકી રહેલાં કર્મો	संचित कर्म	remaining deeds of the previous birth
સંચો	संचो	पुं॰	1. યંત્ર 2. (સુ.) સ્ટવ	यंत्र, कल स्टोव	machine stove
સંચોરો	संचोरो	पुं॰	પાપડિઓ ખારો	पापड़ाखार	kind of salt
સંજવારી	संजवारी	स्त्री॰	કચરોપૂંજો	कूड़ा-करकट	garbage
સંજાપ, સંજાબ	संजाप, संजाब	पुं॰	ઝૂલ, કોર	संजाफ़, गोट, किनारा	fringe, ornamental border
સંજોગ	संजोग	पुं॰	1. સંયોગ, ભેટો 2. દૈવયોગ 3. પરિસ્થિતિ	संयोग, संजोग, मिलन दैवयोग, संयोग परिस्थिति	union, meeting coincidence circumstance
સંજોગવશાત્	संजोगवशात्	अ॰	દૈવયોગે, સંજોગોને લીધે	दैवयोग से, संजोग के कारण	as luck would have it
સંજ્ઞા	संज्ञा	स्त्री॰	1. ભાન, ચેતના 2. જ્ઞાન, સમજ 3. સાન, નિશાની 4. નામ	चेतना, होश ज्ञान, बोध संकेत, इंगित संज्ञा	awareness, consciousness knowledge, understanding sign, symbol noun
સંજ્ઞાવાચક	संज्ञावाचक	वि॰	સંજ્ઞા, વિશેષનામ બતાવનારું (વ્યા.)	संज्ञावाचक	indicative of noun or substantive(grammar)
સંડાસ	संडास	पुं॰, न॰	શૌચ જવા યોગ્ય ભૂમિ	संडास, पाख़ाना	lavatory
સંડોવવું	संडोववुं	स॰ क्रि॰	સામેલ કરવું, સપડાવવું	फंदे में डालना, फाँसना	to involve, to trap
સંત	संत	वि॰ पुं॰	સાધુ, પવિત્ર સાધુપુરુષ	साधु, पवित्र साधुपुरुष, संत	saintly, holy saint

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
સંતતિ	संतति	સ્ત્રી॰	1. બાળબચ્ચાં, સંતાન, ઓલાદ 2. વિસ્તાર 3. પરંપરા	बाल-बच्चे, संतति, औलाद फैलाव, विस्तार परंपरा	offspring, progeny expanse convention
સંતતિનિયમન, સંતતિનિરોધ	संततिनियमन, संततिनिरोध	ન॰, પું॰	સંતતિ વધતી કે થતી અટકાવવી તે	संततिनिरोध	birth-control
સંતરું	संतरूं	ન॰	એક ફળ, જાડા છોડાની એક જાતની નારંગી	संतरा	citron
સંતલસ	संतलस	સ્ત્રી॰	ખાનગી મસલત	गुप्त मंत्रणा	secret collusion, secret parley
સંતાકૂકડી	संताकूकडी	સ્ત્રી॰	એક રમત	आँखमिचौनी	hide - and- seek
સંતાડવું	संताडवुं	स॰ क्रि॰	છુપાવવું ('સંતાવું' નું પ્રેરક)	छिपाना	to hide, to conceal
સંતાડાવું	संताडावुं	अ॰ क्रि॰	'સંતાડવું' નું કર્મણિ	'संताडवुं' का कर्मणि रूप	to be hidden, to be concealed
સંતાન	संतान	ન॰	1. સંતતિ 2. સ્વર્ગનાં પાંચ વૃક્ષોમાંનું એક (જુઓ 'હરિચંદન')	संतति, औलाद, संतान कल्पवृक्ष	progeny, children one of the five trees in heaven (see 'हरिचंदन')
સંતાનપ્રાપ્તિ	संतानप्राप्ति	સ્ત્રી॰	સંતાન સાંપડવું-થવું તે	संतानप्राप्ति	having a child born
સંતાનસુખ	संतानसुख	ન॰	સંતાનપ્રાપ્તિથી કે સંતાન તરફથી થતું સુખ	संतानप्राप्ति से या संतान से मिलने वाला सुख	happiness arising from birth of a child
સંતાનોત્પત્તિ	संतानोत्पत्ति	સ્ત્રી॰	સંતાન પેદા થવું તે, પ્રજોત્પત્તિ	संतानोत्पत्ति, प्रजनन	begetting of progeny

गुजराती शब्द	देवनागरी लिप्यंतरण	व्या॰ को॰	गुजराती अर्थ	हिंदी पर्याय	अंग्रेज़ी पर्याय
સંતાપ	संताप	पुं॰	ક્લેશ, દુઃખ, ઉદ્વેગ, પશ્ચાતાપ	क्लेश, ग्लानि, प्रायश्चित, संताप	misery, anguish, sorrow, repentence
સંતાપજનક	संतापजनक	वि॰	સંતાપ પેદા કરતું, દુઃખકારી	संतापकारी, संतापजनक	source of unhappiness
સંતાપવું	संतापवुं	स॰ क्रि॰	સંતાપ આપવો, પીડવું	पीड़ा/कष्ट देना, सताना	to cause grief, to vex, to torment
સંતાવાવું	संतावावुं	अ॰ क्रि॰	'સંતાવું' નું ભાવે	'संतावुं' का कर्तृ रूप	to hide oneself
સંતાવું	संतावुं	अ॰ क्रि॰	છુપાવું, ગુપ્ત રહેવું	छिपना, छुपना	to hide, to be concealed
સંતોક, સંતોખ	संतोक, संतोख	पुं॰	સંતોષ, તૃપ્તિ	संतोष, तृप्ति	satisfaction
